# રાષ્ટ્રપિતા ઉવાચ

જે અભાગી માણસો આ બૂરી આદતના ગુલામ બની ગયા છે તેમને તેમની મરજીવિરુદ્ધ મદદ કરવાની જરૂર છે. કેટલાક તો તેવી મદદ માગે પણ છે.

હિંદને પીવાની આદતમાંથી છૂટવાની ફરજ ન પાડી શકાય અને જેમને દારૂતાડી પીવાં હોય તેમને તે માટે સગવડ પૂરી પાડવી જ જોઈએ એવી ઉપર-ઉપરથી તથ્યવાળી ભાસતી છતાં ખરી રીતે પોલી દલીલથી તમે ભરમાશો મા. રાજ્ય પોતાની પ્રજાની બૂરી આદતોને માટે બંદોબસ્ત કરી આપતું નથી. આપણે વેશ્યાઘરોનું નિયમન કરતા નથી કે તેને માટે પરવાના આપતા નથી. ચોરોને પોતાની ચોરી કરવાની વૃત્તિ સંતોષવાની મળે તે માટે આપણે તેમને સગવડો પૂરી પાડતા નથી. દારૂને હું ચોરી કરતાં અને કદાચને વેશ્યાવૃત્તિ કરતાં પણ વધારે વખોડી કાઢવા લાયક ગણું છું. પેલાં બંને ઘણી વાર એમાંથી જ નીપજતાં નથી કે ? હું તમને દારૂની દુકાનો કાઢી નાખવામાં દેશની સાથે જોડાવાને વિનંતી કરું છું.

દારૂબંધી શા સારુ, ૧૯૫૩

* * *

જગતમાં ચોરી તો અંતકાળ લગી ચાલ્યા કરવાની. એટલા માટે શું ચોરી કરનારને પરવાના આપવા ? જડ વસ્તુની ચોરી કરતાં મનની ચોરીમાં ગુનો ઓછો છે શું ? ગેરકાયદે દારૂ ગાળવાનું અમુક પ્રમાણમાં ચાલ્યા જ કરશે. એ જેટલું ઓછું ચાલશે તેટલી સરકારના પ્રયત્નની સફળતા ગણાશે. જાગ્રત સમાજે દારૂ અફીણના વ્યસનીઓ પ્રત્યે સતત સમભાવનું વર્તન રાખીને સરકારના પ્રયત્નમાં મદદ કરવી રહી છે. આર્થિક કે શારીરિક ઉન્નતિ માટે જેટલી કિંમત આપવી પડે છે, તેથી જરાયે ઓછી કિંમત નૈતિક ઉન્નતિને માટે આપવી પડતી નથી, પણ મારું માનવું એ છે કે જો આ રચનાત્મક પ્રયત્ન થતાં પહેલાં દારૂની સદંતર બંધી નહીં થઈ હોય તો એ પ્રયત્ન નિષ્ફળ ગયા વિના રહેવાનો નથી. જ્યાં લગી રાજ્ય વ્યસનીને એની તલબ પૂરી કરવાની રજા આપે છે,

એટલું જ નહીં પણ એને માટે સગવડ પૂરી પાડે છે ત્યાં લગી સુધારકને સફળતા મળવાનો બહુ ઓછો સંભવ રહે છે. જિપ્સી સ્મિથ એ દક્ષિણ આફ્રિકાનો એક દારૂનિષેધનો સમર્થ ઉપદેશક હતો. એની વિશાળ સભાઓમાં એનાં ગીતો ને ઉપદેશોથી મુગ્ધ થઈને ઘણા લોકો દારૂ સદાને માટે છોડવાનું વ્રત લેતા. પણ હું દક્ષિણ આફ્રિકાના મારા અનુભવ પરથી કહું છું કે એ ગરીબ વ્યસનીઓનો મોટો ભાગ શહેરના રાજમાર્ગો પર ફરે ત્યાં મહેલ જેવાં પાનગૃહો અથવા તો શહેર બહાર જાય ત્યાં રસ્તા પર ઉપાહારગૃહો દેખાય, એટલે એમાં પેસવાની લાલચ રોકી શકતા જ નહીં. રાજ્ય તરફથી દારૂની બંધી એ મદ્યપાનનિષેધના આ મહાન સુધારાની સમાપ્તિ નથી, પણ એનો અનિવાર્ય આરંભ છે.

હરિજનબંધુ, ૨૬-૯-’૩૭

* * *

મજૂર વર્ગ જોડે આત્મીયતા કેળવ્યાથી દારૂડિયા મજૂરોના ઘરકુટુંબની બરબાદી કેવી હોય છે તે હું જાણું છું. એ પણ જાણું છું કે મોઢા આગળ આણીને ધરવામાં ન આવતો હોય તો તેઓ દારૂને અડે નહીં. પીનારાઓએ પોતે ઘણા દાખલાઓમાં આગળ આવીને દારૂબંધીને સારુ માગણી કરી છે એવા પુરાવાઓ અત્યારે પડ્યા છે. મારા પોતાના મોટા છોકરાનો જ દાખલો નથી શું ? જે એક વખતે બુદ્ધિશાળી, બહાદુર, દેશાભિમાની અને ત્યાગશક્તિવાળો હતો ને દારૂની લતથી સાવ વંઠી ગયો, જે આજે માતાપિતાના અને સમાજના હાથથી ગયો અને જે આજે સખી ગૃહસ્થોની અકારત ઉદારતા પર જિંદગી ગુજારી રહ્યો છે ! આ અપવાદ નથી. ઉપલા વર્ગના કેટલાયે લોકોના દીકરાઓના કિસ્સાઓનો મને જાતિઅનુભવ છે.

હરિજનબંધુ, ૪-૬-’૩૯.

* * *

જેઓ વ્યક્તિસ્વાતંત્ર્યની દલીલ આગળ ધરીને બોલે છે તેમને હિંદુસ્તાનની કશી ગતાગમ નથી. માણસને વેશ્યાગમનની સગવડ રાજ્ય પાસેથી માગવાનો જેટલો અધિકાર છે તેટલો જ અધિકાર તેને રાજ્ય પાસેથી દારૂતાડી પીવાની સગવડ માગવાનો છે. હું આશા રાખું છું કે જેઓ પોતાના મિતપાન વિશે ગર્વ ધરાવે છે તેઓનાં દિલ મેં લીધેલ દૃષ્ટાંતથી નહીં દુભાય. આ દેશમાં આપણે દુરાચારના નિયમન માટેના કાયદાને

ટેવાયેલા નથી. પણ જર્મની જેવા દેશમાં પોતાનું શિયળ વેચનારી સ્ત્રીઓનાં ઘરોને સરકાર તરફથી પરવાના આપવામાં આવે છે. એ દેશોમાં લોકો વેશ્યાગૃહોના પરવાના બંધ કરવાથી વધારે રોષે ભરાય કે દારૂનાં પીઠાં બંધ કરવાથી, એ હું જાણતો નથી. તે વખતે શું એવી દલીલ કરવામાં આવશે ખરી કે વેશ્યાઓ અને તેમનાં આશ્રિતો, જેમની આજીવિકાનો આધાર કેવળ આ ધંધા ઉપર જ હતો તેઓ એ ધંધો નાબૂદ થવાથી હાડમારીમાં આવી પડશે ?

મારી દલીલ એ છે કે સરકારી પરવાનાવાળાં દારૂનાં પીઠાં દારૂડિયાઓને પ્રવેશ કરવા લલચાવવાનું ચાલુ રાખશે ત્યાં સુધી સમાજસેવકોથી કશું અસરકારક કામ થઈ શકવાનું નથી.

હરિજનબંધુ, ૧૮-૬-'૩૯. મો. ક. ગાંધી

## મહારાજ ઉવાચ

## રવિશંકર મહારાજ

## નવરો બેઠો નખ્ખોદ વાળે

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. મારા એક ઠાકોર ભાઈબંધને ત્યાં હું રાતવાસો રહ્યો હતો. પરોઢિયું થયું એટલે ઠાકોર ઊઠ્યા. પાસે પડેલા બળતણની તાપણી કરી. દેવતા પડ્યો કે હુક્કો ભર્યો ને બેઠા પીવા. થોડી વાર થઈ ત્યાં એમન ,

' ?'

' ,' હુક્કો પીતા બેસી જ રહ્યા.

થોડી વાર પછી બાઈએ ફરીથી આવીને કહ્યું, 'હીંડો ને !'

'છાનીમાની કામ કરતી હોય તે કર. આવું સું, હમણાં.'

હું પથારીમાં સૂતાં-સૂતાં આ સંવાદ સાંભળતો હતો. મારાથી ન રહેવાયું. ઊભો થયો. બાઈને કહ્યું, 'ચાલ બહેન, હું વલોવડાવું.' હું ઊભો થયો એટલે ઠાકોર શરમાઈ ગયા. મને રોકી તે ઘરમાં ગયા.

સવાર થયું એટલે એમના નાતભાઈઓની ટીકા કરતાં ઠાકોર મને કહેવા લાગ્યા. 'મા'રાજ, આ બધા લોક દળદરી. કોઈ વહેલા ન ઊઠે. મારે તો રોજ પરોઢિયે ઊઠવા જોઈએ.'

મેં કહ્યું : 'મહેરબાની કરીને તમે મોડા ઊઠો તો સારું. વહેલા ઊઠીને તમે શું સારું કામ કરો છો ? આ છોકરાં આખો દહાડો રખડીને બળતણ લાવ્યાં હોય તેય તમે બાળી મૂકો છો. વળી હુક્કો પીને તમાકુ પણ બાળો છો. એના કરતાં મોડા ઊઠો તો એટલું બળતણ ને તમાકુ તો બચી જાય !'

### *ખાનદાન નબીરા !*

ડાયરો બેઠો હતો. ચાપાણી, અફીણ અને હોકાની રમઝટ જામેલી. એવામાં બહારથી 'રામ બોલો ભાઈ રામ !'નો અવાજ આવ્યો. એક જણ બોલ્યો, 'અલ્યા, કોણ ગયું ?' બીજાએ કહ્યું, 'એ તો ફલાણા ભાઈ ગુજરી ગયા.' એ સાંભળી હોકો પીતાં-પીતાં એક વૃદ્ધ બોલ્યા, 'ઢાંઢો મરી ગ્યો ઢાંઢો ! ન માળો ચા પીએ, ન બીડી પીએ, ન અફીણ ખાય. ઢાંઢો હતો ઢાંઢો એ તો !'

કાઠિયાવાડમાં બળદને ઢાંઢો કહે છે. પેલા મરનારને વ્યસન નહોતું એટલે એ ઢાંઢો; અને આ દા'ડામાં ચારચાર પાંચપાંચ વાર ચા-પાણી કરનાર, કસૂંબા કરનાર ને આખો દા'ડો બેઠા-બેઠા ગામ-ગપાટા મારનાર બધા ખાનદાન નબીરા !

### *કોસનાં કાણાં*

આપણી આવકનેય કાણાં પડ્યાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, પાનસોપારી વગેરે વ્યસનો તથા મોજશોખમાં વ્યર્થ વપરાઈ જાય છે.

સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બિલકુલ બિનજરૂરી છે, તેનું આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પુરાશે, અને આપણી મહેનત

નાહક ઢોળાઈ જતી અટકશે. નહીં તો બળદિયાની જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ પાણી ભેળા નહીં થઈએ !

કહેવાય છે ને કે કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા. આવા કુસંગના ફેલમાંથી છૂટીએ અને હળીમળીને રહીએ તો એક્કેય ઘરમાં રોટલાના સાંસા ન રહે.

### *વ્યસનની પરાધીનતા*

સને ૧૯૪૧માં હિંદુ-મુસલમાનો વચ્ચે હુલ્લડ થયું. તે વખતની વાત છે. ત્રણ દિવસ તોફાન ચાલ્યું. એ વખતે અમદાવાદમાં બધે કરફ્યુ. કોઈ બહાર નીકળે નહીં, હું બધે ફરતો હતો. ત્યારે એક જણે મને કહ્યું, 'મહારાજ, મને મારી જિંદગીમાં કદી દુઃખ ન પડ્યું હોય એવું આ વખતે પડ્યું.' મેં કહ્યું, 'કેમ, કંઈ વાગ્યું કે શું ?' ત્યારે એણે કહ્યું, 'વાગ્યું તો નથી. પણ ત્રણ દિવસ થયા પાન ખાધું નથી !'

ઓત્તારીની ! વ્યસનની કેવી પરાધીનતા ! વ્યસનનો અર્થ જ દુઃખ. જે જરૂરની ચીજો હોય છે, તે નિઃસ્પૃહી હોય છે; જ્યારે વ્યસનો તો તાકીને જ ઝભાં હોય છે. દા.ત., ચા અને દૂધ. દૂધ એકાદ દિવસ નહીં પીઓ તો કશું જ નહીં થાય, જ્યારે ચા નહીં પીઓ તો માથું ચડશે !

### *સંકલ્પનું બળ*

એક ઠાકોર હતા. એક વખત મારે તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. વળી, મને ભાષણ કરવાની કુટેવ. એટલે મેં તેના પર થોડું ભાષણ કર્યું. તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું. પણ પંદર-વીસ દહાડા થયા પછી તેમના તરફ ગયો, તેમણે કહ્યું. 'જો હવેથી કોઈને આવો ઉપદેશ દેતા ! કોઈને મારી નાખશો !'

અને પછી તેમણે આપવીતી સંભળાવવા માંડી : 'તમારા ગયા પછી મને તો ઝાડા થઈ ગયા, અને બોલવા-ચાલવાના હોશ પણ રહ્યા નહીં. લગભગ બેભાન થઈ ગયો. મેં અફીણ ખાધું ત્યારે માંડ જરા હોશ આવ્યા.'

પણ મેં તો ઠાકોરને ઝાટક્યા : 'ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વિના મરી ગયા હોત, તો દુનિયામાં તમારા વિના શું ખાટુંમોળું થઈ જવાનું હતું ? ક્ષત્રિય બચ્ચા થઈને ટેક પણ ન પાળી શક્યા ? અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ ? ત્યારે હવે તમે

જીવતા હો કે મરેલા, બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત. પણ તમે હાર્યા, અફીણ જીત્યું.'

આટલું સાંભળતાં જ તેમને તો એટલું પાણી ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો. અને થયું પણ એમ કે ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઈ ગયા. કારણ કે આ વખતે સંકલ્પનું બળ હતું.

## મારો દીકરો એવો થશે ?

મારા પિતાના એક મિત્ર. એમનું નામ રણછોડભાઈ. રણછોડભાઈ ચલમના ભારે વ્યસની. એમને ત્યાં ઘણે વર્ષે પુત્ર અવતર્યો. એમને એથી ખૂબ આનંદ થયો. મારા પિતાજીને એમણે ખુશાલીનો એક પત્ર લખ્યો. જવાબમાં મારા પિતાએ એમને લખ્યું : 'તમારે ત્યાં પુત્ર અવતર્યો એ જાણીને મનેય આનંદ થયો. હવે એ તમને ચલમ ભરી ભરીને આપશે !'

આ પત્ર વાંચી રણછોડભાઈને એકાએક પ્રેરણા થઈ. એમને થયું, 'શું મારો દીકરો એવો જ થશે ? ના, એવો ન થવો જોઈએ.' અને એમણે એ જ ઘડીએ ચલમ છોડી.

## 'ગાંધીચીંધ્યો મારગ'

**જયાબહેન શાહ**

મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાનું પોતાનું મિશન પાર પાડીને ભારત આવ્યા ત્યારે ગોખલેજીએ એમને કહેલું કે, "તમે પહેલાં ભારતનું દર્શન કરી લો." ગાંધીજીએ દેશદર્શન કર્યું ત્યારે તેમને એવી પ્રતીતિ થઈ કે દેશ સ્વતંત્ર થાય તોપણ જ્યાં સુધી લોકો દારૂની બદીમાં સપડાયેલા હશે ત્યાં સુધી દેશ ઊંચો નહીં આવી શકે. તેથી તેમણે સ્વાતંત્ર્યની લડત સાથે દારૂબંધીના કાર્યક્રમને જોડી દીધો ને મહિલાઓને આ કાર્ય સોંપ્યું. દેશભરની મહિલાઓએ આ કામ હોંશભેર ઉઠાવ્યું અને દેશમાં દારૂબંધી માટે અનુકૂળ વાયુમંડળ બનાવ્યું. ગાંધીજી એક દ્રષ્ટા હતા. તેમણે કહ્યું કે "એક ઘડી માટે પણ મને દેશનો સરમુખત્યાર બનાવવામાં આવે તો હું પહેલું કામ કોઈ પણ જાતનું વળતર આપ્યા વિના દારૂના અડ્ડા બંધ કરાવવાનું કરું." ગાંધીજીની આટલી તીવ્રતમ લાગણી

હોવા છતાં જે મહાત્માએ આપણને સ્વરાજ મેળવી આપ્યું તેમની જ સલાહ આપણે વીસરી ગયા. આ એક ભારે દુર્ભાગ્યની વાત છે.

કૉંગ્રેસે દારૂબંધી સંબંધમાં અનેક વાર ઠરાવો કરીને તેના ઉપર વારંવાર મહોર માર્યા કરી હતી. ૧૯૩૮માં પ્રાંતિક સ્વરાજ પ્રાપ્ત થયું ત્યારે મુંબઈ, ગુજરાત, કર્ણાટક, મદ્રાસ વગેરે રાજ્યોમાં દારૂબંધીની નીતિ પણ અપનાવવામાં આવી. હજી આટલી પૂર્વભૂમિકા હોવા છતાં સ્વરાજ બાદ દારૂબંધી સંબંધે દેશમાં જે ઊલટી પ્રક્રિયા ચાલી તે ન સમજાય તેવી ઘટના છે.

## ન સમજાય તેવી ઘટના

વળી આ વાત કોઈ ઘેલછાયુક્ત આદર્શની વાત ન હતી. આ વાત એટલી મહત્ત્વની હતી કે દેશના હિતચિંતક પ્રતિનિધિઓએ આને પાયાનો સવાલ ગણીને બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો સમાવેશ કર્યો. મારા જેવાના મનમાં એવો સવાલ ઊઠે છે કે બંધારણના સિદ્ધાંતો વિરુદ્ધ જવાનું અનૈતિક નથી શું ? આ એક લોકશાહીની વિડંબના નથી તો બીજું શું છે ?

કહેવામાં આવે છે કે દારૂબંધી કરવાથી રાજ્યે કરોડો રૂપિયાની આબકારી જકાત જતી કરવી પડે છે. આપણે આવા લોકોને કહેવું જોઈએ કે લોકોને પાયમાલ કરીને તેના લોહીના પૈસાથી આપણે કોનું ભલું કરવા માંગીએ છીએ ? વર્ષો પહેલાં ગાંધીજીએ કહ્યું હતું કે, "આબકારી આવકમાં પૂળો મૂકો. આપણા દેશનાં બાળકો અભણ રહી જાય તો તેની મને ચિંતા નથી. દારૂના અડ્ડા ચલાવીને આપણાં બાળકોને ભણાવવાનાં હોય તો એ વાત મને ખપતી નથી." વળી આગળ જતાં એમ પણ કહ્યું કે, "દારૂબંધીની બાબતમાં ઢીલીપોચી નીતિ નહીં ચાલે. સંપૂર્ણ દારૂબંધી જ આપણું લક્ષ્ય હોઈ શકે. તેનાથી ઊતરતી કોઈ વાત મંજૂર નથી." ગાંધીજીની વેદનાયુક્ત શિખામણની આપણને કાંઈ જ કિંમત નથી શું ? પણ આ બધા ઉપરથી આપણે એટલું સમજી લેવું જરૂરી છે કે આપણે તો સ્વરાજ હાંસલ કરી દેનાર એવા ગાંધીજીને માનતા હતા, તેમના સિદ્ધાંતોમાં આપણી પૂરી શ્રદ્ધા ન હતી. નહીં તો આજે દેશભરમાં રચનાત્મક કાર્યોની જે રીતે ઉપેક્ષા થઈ રહી છે તે ન થવા પામત. ખેર !

## વિશ્વભરમાં ઊઠતો નાદ

આ ઉપરાંત દારૂબંધીની વાત કાંઈ એકલા ભારત દેશની જ ધૂન છે એવું પણ નથી. આપણા દેશમાં દારૂબંધીના સિદ્ધાંત પાછળ એક ઐતિહાસિક તેમ જ સાંસ્કૃતિક વિશિષ્ટ ભૂમિકા રહી છે. પણ આજે તો વિશ્વભરમાંથી એવો અવાજ ઞ્ઠી રહ્યો છે કે દારૂથી માનવનો વિનાશ થાય છે, સત્યાનાશ નીકળે છે. આજે ફ્રાંસમાં દારૂની બદીને પરિણામે ૨૦,૦૦૦ જેટલા માણસો દર વર્ષે મૃત્યુ પામી રહ્યા છે. રશિયામાં વોડકાએ કાળો કેર વર્તાવ્યો છે, તેનાથી રશિયાની સરકાર ચોંકી ઞ્ઠી છે. બ્રિટનમાં છેલ્લાં દસ વર્ષમાં પીનારાઓની સંખ્યા અઢી ગણી વધી જવા પામી છે ને તેથી ગુનાખોરીનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યું છે. તેથી બ્રિટનમાં ટેમ્પરન્સની નીતિને છોડીને ગાંધીજીની સંપૂર્ણ દારૂબંધીની વાત તરફ લોકો વિચારવા લાગ્યા છે. નોર્વેમાં સરકારી સમારંભોમાં દારૂ પીરસવાનું બંધ રાખ્યું છે, જેથી તેની પ્રતિષ્ઠા ઓછી થાય. અમેરિકામાં ગુનાખોરીનું પ્રમાણ ત્રણ ગણું વધ્યું છે ને બાળગુનાખોરીના આંકડા જોઈને ત્યાંની સરકારો વિચારમાં પડી ગઈ છે. તો પછી એવા ઝેરનાં પારખાં કરવાની આપણે શી જરૂર છે ?

## જબરદસ્ત લૉબીનું પ્રભુત્વ

દુનિયાભરનો અનુભવ તથા આપણા દેશમાં જ્યાં દારૂબંધી નથી ત્યાંની કેવી અવદશા છે તે જોવા માટે હવે આપણે દીવો લઈને નીકળવું પડે તેવું નથી. પણ આમાંથી એક વાત સ્પષ્ટ દેખાય છે કે દારૂના ધંધાવાળાઓની એક એવી જ –
લૉબી ઞ્ભી થઈ ગઈ છે કે તેણે દુનિયાભરની સરકારો ઉપર પ્રભુત્વ જમાવી દીધું છે. અમેરિકામાં એક દારૂબંધી પંચ નિમાયેલું. તેણે દારૂબંધીના પ્રશ્ને ઉપયોગી ભલામણો કરેલી, પણ એ રિપોર્ટ કદી બહાર આવવા પામ્યો જ નહીં, આજે ભારતમાં પણ દારૂના ધંધાવાળાઓ રાજકારણ ઉપર સાર્વત્રિક રીતે છવાઈ ગયા છે. ચૂંટણીમાં ધૂમ પૈસા તેઓ વાપરે છે. મતદાન વખતે શરાબની નદીઓ વહેવડાવે છે. મંત્રીઓ નશામાં ચકચૂર દશામાં છતા થાય છે. આવું બધું ગાંધીના દેશમાં બની રહ્યું છે અને તેથી આપણું માથું શરમથી ઝૂકી જાય છે.

ત્યાં લઠ્ઠાથી શીદને મરે છે ?

વળી એક નવી દલીલ આવી રહી છે કે દારૂ સ્વાસ્થ્ય માટે હિતકર છે. આજે તો દુનિયાભરના આરોગ્ય વિજ્ઞાનીઓએ આવી સ્વાર્થયુક્ત દલીલનો ભાંડો ફોડી નાખ્યો છે કે દારૂમાં આરોગ્ય માટે જરૂરી એવું કોઈ તત્ત્વ છે જ નહીં. વિશ્વ આરોગ્ય સંઘે પણ આ વાત સાફ-સાફ જાહેર કરી દીધી છે. આ ઉપરાંત દારૂવાળાની લૉબી તરફથી એવી જોરશોરથી દલીલ કરવામાં આવે છે કે દારૂબંધીને કારણે ગેરકાયદે હલકો દારૂ વપરાય છે. તો એવા લોકોને આપણે પૂછીએ કે દિલ્હી, બેંગ્લોર, મદ્રાસ વગેરે જગાએ તો દારૂબંધી નથી, તો પછી ત્યાં કેવી રીતે લઠ્ઠાથી માણસો મર્યા ? સાચી વાત જુદી જ છે. આ સંબંધે અગમચેતી વાપરીને ગાંધીજીએ આ બાબતમાં પણ કહી રાખ્યું છે કે, "દારૂબંધીનો કાયદો હશે તોપણ ઝ્યાંક-ઝ્યાંક ગેરકાયદે દારૂ ચાલશે પણ સરકારની સફળતા એવા ગેરકાયદે દારૂ ઉપર યોગ્ય રીતે નિયંત્રણ કરવામાં રહેલી છે."

ગુજરાત સરકારન **ધન્યવાદ**

આજે ચોમેર અંધકાર છવાઈ ગયો હોય તેવું વાતાવરણ જણાય છે, તેની વચ્ચે ગુજરાતનું નાનકડું એવું એક કોડિયું ઝગમગી રહ્યું છે. આજ સુધી ગુજરાતની કોઈ પણ પક્ષની સરકારે દારૂબંધીની નીતિમાં ફેરફાર કરવાનું યોગ્ય માન્યું નથી તે માટે ગુજરાત સરકારને ધન્યવાદ ઘટે છે. અલબત્ત, તેમાં છીંડાં પાડવાની કોશિશ જરૂર થઈ છે, પણ તેમાં કોઈને સફળતા સાંપડી નથી. તેનાં કારણોમાં એક તો ગાંધીજીનો પ્રભાવ, ઉપરાંત દારૂબંધીના નજરે ચડે તેવા કાયદાઓ. આજે ગુજરાત પ્રગતિની દિશામાં આગળ રહ્યું છે. ત્યાં ઔદ્યોગિક શાંતિ છે, કામદારો પૂરું કામ કરે છે, વાહન-અકસ્માતો ઓછા થાય છે, અને આ બધાંમાં સૌથી નજરે ચડી આવે તેવી બાબત છે સ્ત્રીઓની સલામતી. ગુજરાતમાં નવજુવાન છોકરી અર્ધી રાત્રે નિર્ભય રીતે હરીફરી શકે છે. આવું દૃશ્ય ભારતના બીજા કોઈ રાજ્યમાં ભાગ્યે જ જોવા મળશે. "આબકારી જકાત મેળવવા માટે ગુજરાતે દારૂબંધી હઠાવવાની જરૂર નથી. એમ કરવું તે ગરીબો સાથે દ્રોહ કરવા બરાબર છે." ગુજરાતને વેચાણવેરો, મનોરંજન કર અને નાની બચત યોજનામાંથી જે મોટી આવક થાય છે તેની પાછળ ગુજરાતની દારૂબંધી નીતિ રહેલી છે. સામાન્ય

માણસની સ્થિતિ સારી છે. તેઓની ખરીદશક્તિ વધી છે. આ બધું જોઈએ તો પૈસા માટે દારૂબંધી કાઢી નાખવાનું કોઈ રીતે જરૂરી નથી.

## મિયાંભાઈ પંચનું સમર્થન

ગુજરાત સરકારે દારૂબંધી અંગે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી મિયાંભાઈનું પંચ નીમ્યું હતું. તેમની સમક્ષ હજારો લોકોએ દારૂબંધીની તરફેણમાં જુબાની આપી. દારૂબંધી હળવી કરવાની વાતો કરનારાઓમાંથી ભાગ્યે જ કોઈ પંચ સમક્ષ જુબાની દેવા બહાર આવ્યું. મિયાંભાઈ પંચે ગુજરાતની દારૂબંધીની નીતિનું દાંડી પીટીને સમર્થન કર્યું છે, તેથી ગુજરાતના કાર્યકર્તાઓની હિંમત વધી છે. આમ છતાં ગુજરાતના કાર્યકર્તાઓએ સક્રિય રહ્યા વગર ચાલશે નહીં, કારણ કે દારૂવાળાઓની લૉબી એટલી જોરદાર બનતી જાય છે કે જો તેમાં પૂરી જાગૃતિ ન હોય તો કોઈ વાર મુશ્કેલી આવી પડે. તેથી ગુજરાતભરના કાર્યકર્તાઓ તથા સમાજના હિતચિંતકો આ પ્રશ્ન સંબંધે ઠીક-ઠીક સાવધાન છે.

રાજસ્થાન સરકારે ગુજરાત રાજ્યની સરહદની લગોલગ બાર ખોલ્યો. તેની સામે લડત આપવામાં આવી. પરિણામે સરકારને એ બાર બંધ કરવાની ફરજ પડી. આમ ગુજરાત નશાબંધી મંડળ પ્રજાનો સાથસહકાર લઈને ગુજરાતની દારૂબંધીની નીતિને અકબંધ રાખવા માટે પુરુષાર્થ કરી રહી છે. પણ તેટલાથી અમને સંતોષ નથી. ચારેબાજુનાં રાજ્યોમાં દારૂની છૂટ હોય ત્યારે એકલા ગુજરાતને બચાવવાનું મુશ્કેલ જેવું બની રહે. તેથી સમગ્ર દેશમાં દારૂબંધી થાય તે માટે આપણાથી થાય તેટલું કરી છૂટવું જોઈએ એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે.

થોડાં વર્ષોથી હું દારૂબંધીના કાર્યમાં સક્રિય કામ કરી રહી છું. મને જે અનુભવ થતો રહે છે તે જોતાં વિચારવું પડે તેવું લાગે છે. આપણે સૌ ગરીબોના હિત માટે દારૂબંધીની હિમાયત કરી રહ્યા છીએ. વળી એવા ગરીબો કે પછાત વર્ગના લોકો સમજે છે તો ખરા કે દારૂબંધીથી ફાયદો છે, પણ તેઓ દારૂબંધીના કાર્યમાં સક્રિય થઈ શકતા નથી. તેવું જ ધનિક વર્ગનું છે. તેઓ પણ સમજે છે કે દારૂબંધીને પ્રતાપે તેના ધંધા-ઉદ્યોગ વિકસી રહ્યા છે. એમ છતાં દારૂબંધીના કામમાં સક્રિય મદદ કરવા આગળ આવતા નથી.

## મહિલાઓ ને યુવાનો આશાસ્થાન

ખરેખર કોઈ વર્ગની પાસે અપેક્ષા રાખી શકાય તેવું કોઈ હોય તો તે છે મહિલાઓ. આ કાર્ય માટે તેમને કેવી રીતે સક્રિય બનાવી શકાય તે અંગે વિચારવું ઘટે છે. ઉત્તરાખંડમાં મહિલાઓએ દારૂની દુકાનો બંધ કરાવવા જે પુરુષાર્થ કર્યો એ અનુભવ નોંધપાત્ર પ્રેરણાદાયી છે. અને તે માટે એમને ધન્યવાદ ઘટે છે.

બીજી આશા યુવકો પાસેથી રાખી શકીએ. કેરળમાં લાંબા વખત સુધી દારૂની દુકાનો ઉપર પિકેટિંગનો કાર્યક્રમ ચલાવવામાં આવ્યો અને સરકારને એ દુકાનો બંધ કરવાની ફરજ પડી. આ કાર્યક્રમમાં યુવાનોનો મુખ્ય ફાળો રહ્યો. તેથી યુવાનોને આ કામમાં કેમ આકર્ષવા તેના પ્રયાસો હાથ ધરવા જોઈએ. કોઈ પણ પ્રતિકારાત્મક કાર્યક્રમો હાથ ધરવા હશે તો યુવાપેઢીની મદદ વગર એ શક્ય નહીં બને એ સમજી લેવું જરૂરી છે.

એક બાજુ આપણે યુવા પેઢી તરફ આશાની મીટ માંડીએ છીએ તો બીજી બાજુ યુવાવર્ગમાં વ્યસનોની જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે તે ભારે ચિંતાજનક છે. દેશનાં મોટાં-મોટાં કેટલાંક શહેરોમાં કૉલેજના વિદ્યાર્થીઓમાં દારૂ તેમ જ માદક પદાર્થોનું સેવન વધતું જાય છે. જો આમ જ ચાલે તો તેમની પાસેથી આપણે કેવી રીતે આશા રાખી શકીશું ?

ગાંધીજીએ આ અંગે પણ આપણને ચેતવ્યા હતા કે, "લોકોની સામે દારૂની દુકાનો ખુલ્લી મૂકવી એ માંદા બાળક સામે મીઠાઈની ટોપલી ધરવા બરાબર છે. આપણે માંદા બાળકને બચાવવા માટે એની નજર સામેથી મીઠાઈની ટોપલી હઠાવી લઈએ છીએ. તેવી જ રીતે લોકોની સામે દારૂની દુકાનો ન જ હોવી જોઈએ."

(ઉદ્‌ઘાટન પ્રવચન)

## સાંપ્રત સમયની માંગ

### ડૉ. કરસનદાસ સોનેરી

આજનો માનવ વ્યસનના કુસંગમાં ફસાયો છે. પરિણામે, સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ કરી શકતો નથી. તેમાંથી માનસિક વિકૃતિઓ પેદા થઈ છે અને આર્થિ

૪૦

ઇચ્છાશક્તિ હોવી જોઈએ. તેમ જ કાયદાને કાયદાનું કામ કરવા દો તથા કાયદાના પાલન માટે થોડા પણ આ નીતિને વળગેલા ચુનંદા અધિકારીઓને સ્વતંત્ર રીતે કામ કરવા દો. રાજ્ય ભયમાં મુકાય તોપણ આવા તંત્ર દ્વારા જ આ દેશમાંથી નશાનો નાશ થશે. સમાજે પણ આવા તંત્રને-સરકારને સાચા અર્થમાં સાથ આપવાનો રહેશે. પરિણામ આવશે જ.

વિદેશોમાં કાયદાને માન આપીને વહીવટ થતો હોય છે. કાયદો કાયદાનું કામ કરે છે. કોઈની દખલગીરી ચાલતી નથી. સત્તા ઉપર બેઠેલા સૌ કોઈ કાયદાને આધીન રહીને કામ કરે છે. પરિણામે ખોટું થતું નથી. એક ઉદાહરણ જોઈએ :

બ્રિટનના વડાપ્રધાન 'બ્લેર'નો દીકરો પીધેલી હાલતમાં ફૂટપાથ પરથી પકડાયો. પોલીસ તેને પકડી ગઈ, પછી તેની માહિતી લેતાં ખબર પડી કે આ તો વડાપ્રધાનનો દીકરો છે. વડાપ્રધાનને આની ખબર આપવામાં આવી ત્યારે તેમણે દીકરાનો બચાવ ન કર્યો પણ તંત્રને જણાવ્યું કે કાયદાની રીતે જે થતું હોય તે સજા કરો, કોઈ વચ્ચે આવશે નહીં. વડાપ્રધાને જાતે ત્યાં જઈ થતો દંડ ભરી માફી માંગી.

જે પ્રજા કાયદાનું પાલન નથી કરતી તે અરાજકતાને નોતરે છે. તેનું ભવિષ્ય હોતું નથી. તેની પાસે શું અપેક્ષા રાખવી ? આ માટે જરૂર છે સાચા શિક્ષણની, લોકજાગૃતિની અને લોકો આ માટેના કાર્યક્રમ ઉપાડી લે અને સરકારને સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ સહયોગ આપે અને સમાચાર માધ્યમો આની ટીકા કર્યા સિવાય સાચો અભિગમ અપનાવે તો સારું પરિણામ મેળવી શકાય છે.

આપણી સંસ્કૃતિ, ધાર્મિક ગ્રંથો અને સમાજસુધારકોએ ભારતીય સમાજને આનું સિંચન કર્યું છે. દરેક ધર્મોએ નશાને દૈત્ય ગણ્યો છે. મહાત્મા ગાંધી પછી હાલના સમયમાં સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામી અને અન્ય આગેવાનો વ્યસનમુક્તિ માટે દેશવિદેશમાં એક અભિયાન લઈને ચાલે છે. એ જ રીતે પ્રણામી સંપ્રદાયના આધ્યસ્થાપક શ્રી પ્રાણનાથસ્વામીએ તો પગપાળા સમગ્ર દેશમાં પ્રવાસ કરી ગરીબ-દલિત-મુસ્લિમ મહોલ્લાઓમાં પડાવ કરી વ્યસનમુક્તિનો સંદેશો આપેલો. તેના પરિપાક રૂપે તેમની નિશ્રામાં તૈયાર થયેલો સમાજ આજે વ્યસનમુક્તિને કારણે કંઈક આગળ વધી રહેલ છે.

'ગુજરાત' એક વિશિષ્ટ રાજ્ય છે. તેના માટે 'નશાબંધી' તેની કલગી છે. કપરાં ચઢાણ હોવા છતાં તેનું પાલન કરવું, તેની નૈતિક ફરજ છે. આ નૈતિકતા તોડવા એવી દલીલ કરવામાં આવે છે કે દારૂ બીજાં રાજ્યોની જેમ વપરાય છે. એટલે કાયદો રદ કરવો જોઈએ. તો એનો અર્થ એ થાય કે ચોરી થતી હોય, ખૂન થતાં હોય તો તેના કાયદા રદ કરવા ? ખરેખર તો તેને અટકાવવા વધુ કડક થવાની જરૂર પડે. પણ આ માટે જરૂર છે પ્રજાનું ખમીર તોડનારી અને અધઃપતન તરફ દોરનારી લોકહિત વિરુદ્ધની

પ્રવૃત્તિ તોડવા; લોકકેળવણી, લોકજાગૃતિ, લોકસજાવટ અને ખાસ કરીને યુવાપેઢીને તૈયાર કરવાની. આ માટે શૈક્ષણિક-ધાર્મિક, સામાજિક સંગઠનો દ્વારા મૂર્ધન્ય લોકો, ધર્મગુરુઓએ આગેવાની લેવી રહી. આ થશે તો જ દેશનું અને ગુજરાતનું ભાવિ ઉજ્જ્વળ બનશે અને ૨૧મી સદીનું ભારત સમ્રાટ બની રહેશે.

## લોકમત અને દારૂબંધી

ગુજરાતમાં દારૂબંધી નાબૂદ થશે નહીં અને નાબૂદ કરવાનો કોઈ વિચાર ચાલતો નથી. તેનો અમલ વધુ સારી રીતે કરવાની જ વિચારણા ચાલે છે. નાણાંને ખાતર દારૂબંધી નાબૂદ કરવાની કોઈ વાત ચાલતી નથી.

મુંબઈમાં દારૂબંધીમાં છૂટછાટ મૂકવામાં આવી. એથી ગરીબોની રોજી ઓછી થઈ છે એમ અર્થશાસ્ત્રના અભ્યાસીઓએ પુરવાર કર્યું છે. તાડીની છૂટ આપવાનું પણ તેથી જ ઇચ્છનીય નથી. ગમેતે સંજોગોમાં ગરીબ માણસોને દારૂ પીવાનું પ્રલોભન ન થાય એવી પરિસ્થિતિ જાળવવાની રાજ્યની અને સમાજની ફરજ છે. આ માટે છેક તળિયા સુધીનું વ્યાપક લોકશિક્ષણ કાયદાની મદદે આવે તે ખૂબ જ જરૂરી છે.

નીરા વિશે અદ્યતન સંશોધન કરવાની જરૂર છે. આદિવાસી વિસ્તારમાં તો દારૂબંધી છૂટી કરવાનું વિચારી શકાય જ નહીં. ભારત સરકારને અમે સ્પષ્ટ કહ્યું છે કે ગુજરાતનો ઘણો મોટો બહુમત દારૂબંધીની તરફેણ કરે છે, એટલે અમે દારૂબંધી નાબૂદ કરવાના મતના નથી.

## નશાબંધીમાં પીછેહઠ નહીં

દારૂબંધી અંગેની ગુજરાત સરકારની નીતિ ઢીલી કરવામાં નથી આવી. ગુજરાત સરકાર પૈસાની આવકના લોભમાં દારૂબંધીની નીતિમાં પીછેહઠ કરવા માગતી નથી. મિયાંભાઈ પંચના અહેવાલ અંગે પણ ચાલતા તર્કવિતર્ક પાયા વિનાના છે. મિયાંભાઈ પંચના દારૂબંધી અંગેના હેવાલ અંગે ધીરજ ધરવા સૌ કાર્યકરોને વિનંતી કરું છું. ગણોતધારા પછી બીજા નંબરે દારૂબંધીના ધારામાં સરકારે વારંવાર સુધારા કરી તેની છટકબારીઓ પૂરવાના પ્રયત્ન ચાલુ રાખ્યા છે. બીજાં રાજ્યોએ નાણાંની આવક સામે

નજર રાખી દારૂબંધી કાઢી છે, જ્યારે ગુજરાત સરકાર સમક્ષ નાણામંત્રી તરીકે મેં કદી એવી રજૂઆત કરી નથી કે દારૂબંધીને કારણે રાજ્યને નાણાંની મુશ્કેલી છે. રિઝર્વ બૅન્ક અને બીજા અધિકારીઓ નાણામંત્રીને દારૂબંધીની નીતિ માટે પુનર્વિચારણા કરવા સૂચન કરે તો તેવા સમયે પણ નાણામંત્રી તરીકે હું અડગ રહ્યો છું. અને અખિલ ભારત ધોરણે પણ નાણામંત્રીઓની પરિષદમાં મક્કમ રહ્યો છું. દારૂની છૂટવાળાં રાજ્યોમાં ગરીબોની રોજી ઘટવાનું અને તેમની બેહાલીનું ચિત્ર સામે પક્ષે રજૂ કર્યું છે.

બીજાં રાજ્યોનાં ટૅક્સેશન મેજર અને એક્સાઈઝ ડ્યૂટી વધારા અંગે વિદ્યાપીઠના અર્થશાસ્ત્ર વિભાગને અભ્યાસ કરવા હું સૂચન કરું છું.

દારૂબંધીમાં છૂટ કરવાથી ગરીબોની આવક છીનવાય છે. દારૂબંધી નાબૂદ કરવાની નહીં, પણ વધુ સારી રીતે અમલ કરવાની વિચારણા ચાલે છે.

### દારૂબંધીને તર્કસંગત કરીએ, કોઈ શંકાકુશંકા ન કરે

દારૂની છૂટવાળાં રાજ્યોમાં પણ સસ્તો દારૂ મેળવવા દારૂબંધીવાળા ગુજરાત કરતાં પણ ત્યાં વધુ મોત થયાં છે. આબકારી આવક વધુ મેળવવા દારૂ મોંઘો બને છે તેથી ગરીબો સસ્તો દારૂ મેળવવા જતાં લઠ્ઠાથી ત્યાં પણ વધુ મરણ થયાના આંકડા છે. આ અંગે મિયાંભાઈએ યોગ્ય અભ્યાસ કર્યો હોવાથી ગરીબોને અન્યાય ન થાય એવો અહેવાલ મિયાંભાઈ પંચ પાસેથી મેળવવાની ધીરજ ધરીએ. સરકાર પણ ગરીબોને નુકસાન ન થાય તે જોવા માગે છે. કાર્યકર્તાઓને સરકારની નીતિ બાબત શંકાશીલ ન રહેવા અપીલ કરું છું. દારૂબંધીને તર્કસંગત (રેશનલ) બનાવવાની વાતમાં કાર્યકર્તાઓ શંકાકુશંકા કરે તેનો અર્થ નથી.

ગુજરાતના કયા પ્રદેશમાં દારૂબંધીનો સારો અમલ થાય છે અને ઝ્યાં પરિસ્થિતિ કઠણ છે તેની માહિતી નશાબંધી મંડળ મારફત મળે તો સરકાર તેવા બે વિભાગ પાડી ત્યાં વધુ સારું કામ ગોઠવી શકે. વળી પર્યાવરણ નિષ્ણાતો મહુડાનાં ઝાડ પર્યાવરણમાં મદદ કરે છે માટે વધુ ઉછેરવાની સલાહ આપે છે. એટલે તે અંગે પણ કાર્યકરો વિચારે. નીરાને વધુ સમય જાળવી રાખવા અંગેનાં સૂચનો કરવાની જરૂર છે. શિક્ષિત આદિવાસીઓનું વલણ તપાસી તે અંગે સૂચનો કરવા તથા બધામાં ગૂજરાત વિદ્યાપીઠનું આદિવાસી સંશોધન કેન્દ્ર અભ્યાસ વિકસાવવામાં ઉપયોગી થશે એવી આશા રાખું છું.

દારૂબંધીને લીધે રાજ્યને મનોરંજનનો જે કર મળે છે તેની આવક સારી છે. હકીકતે તો રાજ્યમાં જે સેલ્સટેક્સની આવક છે તે રકમનો વિચાર કરીએ તો દારૂબંધીને લીધે સેંકડો શ્રમજીવી કુટુંબો અને મધ્યમ વર્ગનાં કુટુંબો દારૂની બદીથી દૂર રહે છે અને જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદે છે અને તેથી સેલ્સટેક્સની જે રકમ વધે છે તે રાજ્યની સદ્ધર આવક છે. દારૂબંધીને લીધે રૂ. ૫૦ કરોડની આવક સરકાર ગુમાવે છે, પરંતુ તેની સામે પ્રજાના ઓછામાં ઓછા રૂ. બસો કરોડ બચે છે. કારણ કે સરકારની રૂ. એકની આવક સામે દારૂમાં સપડાયેલ વ્યક્તિને રૂ. ચાર ખર્ચવાના થાય છે. દારૂની આવક એટલે કૌટુંબિક સુખશાંતિનો ભોગ.

અમદાવાદ, ૨૩-૭-'૮૩

નશાબંધી ને આદિવાસીઓ પરિસંવાદમાં.

## દારૂબંધીની સમસ્યા

## ભોગીભાઈ ગાંધી

## રાષ્ટ્રનું સંસ્કાર કાઠું

(૧) દરેક રાષ્ટ્રનું સંસ્કાર કાઠું તેના ઐતિહાસિક સંસ્કાર ઘડતરના આધારે બંધાયેલું હોય છે. દા.ત., પશ્ચિમી દેશોમાં દારૂ પીવામાં શરમ નથી; ત્યાં જાહેર-મજલિસો અને ખાનગી ઘરોમાં દારૂ ન પીરસો તો અસભ્યતા ગણાય. આ પ્રણાલી

.

( ) .

. ( , , )

,

.

, ,

, . ,

પશ્ચિમનાં આ રાષ્ટ્રોમાં (ખાસ કરીને તેમનાં મુખ્ય નગરોમાં) 'માનસિક તનાવ' (મેન્ટલ ટેન્શન)નો આંક ઝડપથી ઊંચો ને ઊંચો જઈ રહ્યો છે; માનસિક વિકૃતિઓ અને શારીરિક જીવલેણ રોગો કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. આમાં ધૂમ્રપાન અને મદ્યપાનનો ફાળો ઘણો મોટો હોવાનું વિજ્ઞાનીઓ તથા સંશોધકોએ જણાવ્યું છે. આથી ચોંકી ઊઠીને દારૂની લત સામે જેહાદો શરૂ થઈ છે...

## ભારતની પરિસ્થિતિ જુદી છે

ભારતમાં પરિસ્થિતિ જુદી છે. આપણે ત્યાં દારૂ, માંસાહાર, સ્ત્રી-પુરુષ યૌન સંબંધ આદિ ક્ષેત્રોમાં હજારો વર્ષો દરમિયાન ઉત્તરોત્તર જે વિકાસ થયો છે, એ આપણા સંસ્કારજીવનનો એક ભાગ બની રહ્યો છે. બલકે આપણો પિંડ એનાથી બંધાયો છે. વાસ્તવમાં, સર્વધર્મોએ અને હિંદુ ધર્મે સવિશેષ રીતે, મનુષ્યમાત્રની નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક સાધનાના મૂળમાં જ શીલ અને સદાચારનો આગ્રહ સેવ્યો છે. મદ્યપાન નિષેધની પરંપરાએ ભારતીય સંસ્કારિતાનું સ્થાન લીધું છે. યુગો-યુગોથી રાજાઓ – ધનિકો અને કારીગરો – શ્રમિકોમાં મદ્યપાન પ્રચલિત હોવા છતાં, ભારતનું સંસ્કારઘડતર એ પ્રકારે થયું છે કે સમાજજીવનમાં મદ્યપાન અપ્રતિષ્ઠિત, કુસંસ્કાર તરીકે ગણાતું રહ્યું છે. ગુજરાતીઓમાં તો મદ્યપાન સામેનો અણગમો વધુ તીવ્ર અને વ્યાપક રહ્યો છે.

સિક્કાની એક બીજી બાજુ પણ છે. છેલ્લી દોઢ સદી દરમિયાન પશ્ચિમના સુધારાની નકલમાં ભારતના સુશિક્ષિતો જેમજેમ ઘસડાતા ગયા તેમ-તેમ મદ્યપાન પણ 'સુધરેલા નાગરિક' માટે પ્રતિષ્ઠાનું પ્રતીક બનતું રહ્યું. આવા વાતાવરણમાં ઊછરેલાં સુધરેલાં ગણાતાં સંસ્કારી કુટુંબોમાંની એક મોટી સંખ્યા માટે મદ્યપાન જીવનનો એક સહજ વ્યવહાર બનતો ગયો.

કારીગરો, મજૂરો, હરિજનો અને ગરીબોનાં કુટુંબો, તેમના પછાત સંસ્કારને કારણે તથા ભયંકર દારિદ્ર્યને કારણે, દારૂની લતમાં પાયમાલ જીવન જીવી રહ્યાં હતાં. અનેક સંતપુરુષો તથા મહાત્મા ગાંધીના અથાગ પ્રયાસો પછી પણ વિદેશી સત્તા અને સુધરેલાઓની ઘેલછા પ્રગતિમાં આડરૂપ બની ઊભી હતી.

## (૨) બંધારણનો આદેશ

ભારતને સ્વરાજ્ય મળ્યું ત્યારે આ વૈમનસ્ય હતું. આથી આપણા બંધારણના ઘડવૈયાઓએ કશા ઉતાવળા સાહસનો માર્ગ ન લેવાનું ડહાપણ દાખવ્યું. અલબત્ત, તેમણે દિશા સ્પષ્ટ રીતે બાંધી આપી. બંધારણના ૪થા વિભાગમાં 'નિર્દેશક સિદ્ધાંતો' (ડાઇરેક્ટિવ પ્રિન્સિપલ્સ) દ્વારા આદેશ આપ્યો (કલમ ૪૭) :

પોતાની પ્રજાના જીવનનિર્વાહનું અને પોષણનું ધોરણ ઊંચું આવે અને જાહેર સુખાકારીમાં સુધારો થાય એને સરકાર પોતાની પ્રાથમિક ફરજોમાં ગણાશે; અને ખાસ કરીને તબીબી કારણો સિવાય ઉન્માદક પીણાંના અને સ્વાસ્થ્યને હાનિકારક હોય એવા પદાર્થોના સેવન પર નિષેધ (પ્રોહિબિશન) મૂકવા પ્રયત્નશીલ રહેશે.

અહીં એ સમજવું જરૂરી છે કે બંધારણના 'નિર્દેશક સિદ્ધાંતો' એ લક્ષ્ય છે. દેશની સરકારોએ એ ધ્યેય દુર્લક્ષ ન થાય એ જોવું રહ્યું; એટલું જ નહીં એ ધ્યેય વહેલામાં વહેલી તકે હાંસલ થાય એ માટે મથવું રહ્યું.

## દુર્ભાગ્યની વાત

દુર્ભાગ્યની વાત એ છે કે નિર્દેશાત્મક સિદ્ધાંતની બાબતમાં ગુજરાત, તામિલનાડુ, રાજસ્થાન સિવાય ભાગ્યે જ ક્યાંય નિષ્ઠાપૂર્વકના પ્રયાસો થયા હશે. કેટલાંક રાજ્યો આરંભ કરી અટકી ગયાં; કેટલાંકે સારા આરંભ પછી પીછેહઠ કરી; કેટલાંકે દબાણમાં ઘસડાઈને ઔપચારિક સ્વીકાર કર્યો. (છેલ્લે, કેન્દ્ર સરકારે આડકતરી રીતે અને પૂ. વિનોબાએ ઉપવાસ દ્વારા દબાણ આણેલું); કેરળે ખ્રિસ્તીઓનું બહાનું આગળ કરી ખાસ કશું કરવાની જ અશક્તિ પ્રગટ કરી. પરિણામ એ આવ્યું કે સાચી દિશાના પ્રતિબંધોનો અમલ એટલો બોદો રહ્યો કે મોટા પાયા પર દારૂ પકવવાના ગુપ્ત ભઠ્ઠાઓ ચાલતા રહ્યા; મોટા પાયા પર ગુપ્ત વિતરણ થતું રહ્યું.

હા, આખા દેશમાં એકસરખો દારૂનિષેધ ન હોય તો એક રાજ્યની સરકાર માટે પૂર્ણ અમલ કરવાનું લગભગ અશક્ય જ બને, એ વાત સમજાય એવી છે. પરંતુ મુખ્ય અને ગંભીર કારણ તો એ છે કે શાસનમાં અને વહીવટી તંત્રોમાં (કેવળ પોલીસતંત્ર નહીં) ઉપરથી નીચે સુધી બેઠેલાઓમાં જ આદર્શ માટેની તમન્ના બહુ ઓછાને હતી; દિવસો જતાં શુદ્ધિ આવવાને બદલે ભ્રષ્ટાચાર વધ્યો – બેશુમાર વધ્યો !

### અંતે જે પરિણામ ઊજળું આવવું જોઈએ તે ન આવ્યું

પરંતુ આ બધા ઉપરથી દારૂબંધીને સદંતર નિષ્ફળ ગણાવીને, વા તેને બિન મહત્ત્વનો અને ખર્ચાળ કાર્યક્રમ ગણાવીને ઠોકરે ઉડાડવાનો વ્યૂહ ચોંકાવનારો છે. તાડી જેમાંથી બને છે તે 'ખજૂરી' ઉપરના પ્રતિબંધોય રદ કરવામાં ગરીબો અને ખેડૂતોનું હિત છે એવો પ્રચાર ગ્રામપ્રજાના જ જીવનને બરબાદ કરનારો છે.

દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત નશાબંધીમાં આગળ છે ત્યારે તેને આગળ ધપાવવાને બદલે, ગુજરાતમાં ઠેરઠેર 'ભઠ્ઠા' ચાલી રહ્યાની અને 'લઠ્ઠા' પીને મોતના મુખમાં હોમાનારા ગરીબોની વાત આગળ ધરીને – એટલે કે નબળાઈઓને સાધન બનાવીને – દારૂબંધી જ ઉઠાવી લેવાની જેહાદ ઇરાદાપૂર્વકની સત્તારમતનો ભાગ તો નથી ને ?

વાસ્તવમાં સૌ કોઈ જાણે છે કે જ્યાં દારૂબંધી નહીંવત છે ત્યાં દિલ્હી અને કલકત્તા જેવી નગરીઓમાંય; ભઠ્ઠા ચાલે છે અને લઠ્ઠો પીને માણસો મરે છે.

ભઠ્ઠા અને લઠ્ઠાનું કારણ દારૂબંધી નથી, પરંતુ ગરીબોને મોંઘો દારૂ પોષાય એમ ન હોઈને યેનકેન પ્રકારે સસ્તો દારૂ પીવો છે, અને મસ્તી ચડે એ માટે પીતા હોઈને હલકો દારૂ મોટા પ્રમાણમાં પીવો પડે છે !

દારૂબંધી હોય કે દારૂમુક્તિ હોય, બધે જ ગરીબ પીનારાઓ માટે આ જ એક રસ્તો હાથવગો છે !

દારૂબંધી ઉઠાવી લેવાની ઘોષણા જગાવનારાઓ એવી દલીલો પણ કરે છે કે દારૂબંધી એ ઢોંગ છે ને વ્યર્થ બોજારૂપ છે. એની વ્યવસ્થા પાછળ લાખો રૂપિયા વેડફાઈ રહ્યા છે; એને કારણે ગરીબોને જે મદદ થવી જોઈએ તે થતી નથી. એ બોજ પણ અંતે

તો ગરીબોએ જ ઉઠાવવો પડે છે. આમ કહીને આ જેહાદખોરો ગરજુ ગરીબોના પછાતપણાનો લાભ લેવા મથે છે... એ દેશને હોમી દેનારો નીવડશે.

જે રાજ્યોમાં થોડીકે નિષ્ઠા અને કાબેલિયતથી દારૂબંધીની દિશામાં પ્રયાસો થયા છે ત્યાં એ નિષ્ફળ ગયા નથી. પછાત કોમો અને ગરીબોનાં જીવનને બરબાદીમાંથી બચાવી લેવાનું મુખ્ય ધ્યેય આંશિક સફળતા પામ્યું છે. (ગુજરાતમાં ગ્રામવિસ્તારો અને આદિવાસીઓમાં આ ફેરફાર વરતાય છે; અને શહેરોના મજૂરોનાં અનેક કુટુંબોમાંય).

એક વાત તો સૌ સમજે એવી છે કે કાનૂની પ્રતિબંધો ઉથામીને 'ગુપ્ત' રીતે ગુનો કરવાના જોખમે આજે જે થઈ રહ્યું છે તેની સરખામણીએ કાયદેસર, ખુલ્લેઆમ વિના સંકોચ દારૂની છુટ્ટી નીચલા વર્ગો માટે તો બરબાદીનું નરક જ બની જશે. મધ્યમવર્ગના નબીરાઓ માટે પણ એ લતમાં ઘસડાવાનું સરળ બનશે.

વ્યક્તિ સ્વાતંત્ર્યનો મુદ્દો :

બીજી પણ એક વાત છે : દારૂબંધી હઠાવી લેવાની માગણીને અયોગ્ય અને જોખમકારક માનનારો, છતાં સંપૂર્ણ દારૂબંધી માટે ઉત્સાહી નહીં એવો એક ખાસ્સો મોટો સુશિક્ષિત વર્ગ છે. બંધારણી વ્યક્તિસ્વાતંત્ર્યમાં બૌદ્ધિક નિષ્ઠા ધરાવનારા આ નાગરિકો તરફથી એવી પણ દલીલો થઈ રહી છે કે ચોરી, છેતરપિંડી, બળાત્કારી ઇત્યાદિ કાનૂની ગુનાઓ છે. આથી તેમનું ઉલ્લંઘન કરનાર ગુનેગાર છે. ત્યારે દારૂબંધી એ તો નિર્દેશક સિદ્ધાંત છે; એ આદર્શ છે. દરેક રાજ્યમાં પ્રતિબંધના પ્રકારો અને કક્ષાઓ જુદીજુદી છે. આ રાજ્યોમાં જે-તે પ્રતિબંધોનું ઉલ્લંઘન કરનાર અવશ્ય સજાપાત્ર છે, પરંતુ જ્યાં જે કાનૂની સ્થિતિ હોય, તેની અંદર સ્વતંત્રતા અપાઈ હોય એની મર્યાદામાં રહીને દારૂનો ઉપભોગ કરનાર અપરાધી નથી. તેમના મતે દારૂ પાછળ પડવાને બદલે દરિદ્રતા પાછળ પડો... પહેલાં લોકોની ગરીબી અને પછાતપણું દૂર કરો, પછી એને મેળે આજની દુર્દશા દૂર થઈ જશે...

અંતે તો, આ સજ્જનો જરૂર એમ પણ કહી દેશે કે દારૂનો સ્પર્શ એ 'દારૂડિયાવેડા' નથી; છાંટોપાણી લેનાર દરેક 'દુરાચારી' છે અને સ્પર્શ ન કરનાર દરેક 'સદાચારી' છે એવા ભ્રમમાં ન રહેશો.

સંકલ્પ તો સાચી દિશાનો જ હોવો જોઈએ

આ દલીલો અને કથનોમાં ઘણું સત્ય હોવા છતાં સવાલ 'પીછેહઠ'નો તો ન જ હોવો જોઈએ. જો સંપૂર્ણ દારૂબંધીનું લક્ષ્ય જ ચૂકી જવાશે અને વ્યક્તિગત સુખસગવડની તથા આર્થિક પાસાંની જ વાત આગળ ધરાતી રહેશે તો સંસ્કાર-ઘડતરનો નૈતિક પાયો વધુ ને વધુ કાચો પડતો જશે. સમાજની ઇમારત જે સ્તંભો ઉપર રચાઈ છે તે જ તૂટી પડશે.

આજના ભૌતિક ચોકઠામાં વિચારતાં અસંગત લાગે છતાં, સમગ્ર માનવજીવનના વિકાસને લક્ષમાં લેતાં, એક એવી સ્થિતિ આવે જ છે કે જ્યારે ભૌતિક સુખસગવડથી 'પર' એવા મનુષ્યના નૈતિક ચારિત્ર્યઘડતરની ખેવના અને ચિંતા મહત્ત્વની અને તાકીદની બની જાય છે. વ્યક્તિગત શીલ અને સંયમ દ્વારા જ પ્રજાના ચારિત્ર્યનો પાયો મંડાતો હોય છે. આજે ચારિત્ર્યનું જે ધોવાણ થઈ રહ્યું છે તેને બધી રીતે દૂર કરવા કટિબદ્ધ નહીં થઈએ તો આવતી પેઢીઓ માટે આપણે કેવો વારસો મૂકી ગયા હોઈશું એનો વિચાર ડઘાવી મૂકે એવો નથી શું ?

## (૩) ગાંધીજીની વેદના

આપણા જેટલી કારમી નહીં, તોય ઠીક-ઠીક કપરી પરિસ્થિતિનો સામનો મહાત્મા ગાંધીને કરવો પડ્યો હતો. એમને મન તો વેશ્યાબંધી કરતાંય દારૂબંધી મહત્ત્વની હતી. તેમણે પોતાના હૃદયની વેદના અને ઉત્કટત્વ આજથી ૫૬ વર્ષ પૂર્વે આ રીતે પ્રકટ કર્યાં હતાં :

'હિંદુસ્તાન આખું નિર્ધન થઈ જાય તે હું સાંખી શકું, પણ હજારો દારૂડિયા અહીં હોય તે મારાથી જોયું જાય તેમ નથી. દારૂમાંથી મળતા મહેસૂલ પર ભલે પૂળો મુકાય અને આપણાં બાળકો ભલે નિરક્ષર રહે, પણ મારે દારૂનાં પીઠાં રાખીને બાળકોને ભણાવવાં નથી.'

બીજી બાજુ ગાંધીજીનો એવો દાવો હતો કે, ભારતની દારૂબંધીની હિલચાલ કદાચ આ સૈકાની મોટી હિલચાલ છે. તેમાં હિંદુસ્તાનના યુરોપિયનોસહિત સર્વ પક્ષોની જ નહીં પણ આખા જગતના સજ્જનોની સહાનુભૂતિ ને મદદ મેળવવાની અપેક્ષા રાખવાનો આપણને હક્ક છે.

ગાંધીજીને એમ પણ લાગ્યું હતું કે આવા ધ્યેયને સિદ્ધ કરવા માટે કેવળ રચનાત્મક કામ અને શિક્ષણ પૂરતાં નથી. આવી બાબતમાં સરકારે પહેલ કરવી જરૂરી છે.

"ઢીલીપોચી નીતિ કામ નહીં આવે. એકલી સંપૂર્ણ દારૂબંધી જ લોકોને આ શાપમાંથી ઉગારશે." (૧૬-૪-૨૫)

"જે લોકો માણસના શરીરને અને આત્માને બાળી નાખનારો પ્રવાહી ગાળે છે અને વારંવાર ચેતવણી આપ્યા છતાં જે લોકો પીવાનું છોડતા નથી તેમને તત્કાળ કામ ચલાવી સજા કરવાની હિમાયત મારે કરવી રહી." (૮-૮-૨૯)

એકાદ દાયકા પછી, 'પ્રાંતિક સ્વરાજ'ની સરકારોના અનુભવ બાદ, આ વાત દોહરાવતાં કહ્યું હતું :

"કાનૂન દ્વારા દારૂની સદંતર બંધી નહીં થઈ હોય તો એ પ્રયત્ન નિષ્ફળ ગયા વિના રહેવાનો નથી. રાજ્ય તરફથી દારૂની બંધી એ મદ્યપાન નિષેધના આ મહાન સુધારાની સમાપ્તિ નથી પણ એનો અનિવાર્ય આરંભ છે." (૨૬-૯-૩૭)

આ પછી તો ફોડ પાડીને કહ્યું હતું : "સરકારી લાઇસન્સોવાળા દારૂનાં પીઠાં દારૂડિયાઓ પ્રવેશ કરવા લલચાવવાનું ચાલુ રાખશે ત્યાં સુધી સમાજસેવકોથી કશું અસરકારક કામ થઈ શકવાનું નથી."

મદ્રાસના મુખ્ય પ્રધાન રાજાજીએ ઘણી અવઢવ સેવ્યા પછી મદ્રાસમાં એ દિશામાં કદમ ઉઠાવ્યું હતું. સેલમ જિલ્લામાંના એમના અખતરા પછી મહાત્માજીએ કહ્યું હતું કે, 'રાજ્યો મજલ દરમજલ (પગલે-પગલે) દારૂબંધીનો અમલ કરીને આગળ વધે એ જરૂરી છે." (૧-૮-૩૭)

સાથોસાથ ગાંધીજી એ પણ સમજે છે ને સ્વીકારે છે કે "ગેરકાયદે દારૂ ગાળવાનું અમુક પ્રમાણમાં ચાલ્યા કરશે." આનું બહાનું કાઢી દારૂબંધી જ નાબૂદ કરનારા સામે તેમણે વ્યવહારુ કસોટી ચીંધી હતી : "એ (ગેરકાયદે ગાળવાનું) જેટલું ઓછું ચાલશે તેટલી સરકારના પ્રયત્નની સફળતા ગણાશે." (૨૬-૯-૩૭)

ટૂંકમાં ગાંધીજી એ વાત સમજ્યા હતા કે સંપૂર્ણ દારૂબંધીનો અમલ તત્કાલ શક્ય નથી. તેના કારણમાં તેઓ મહાસભા (કૉંગ્રેસ) અને તેના નેતાઓનું એટલે કે પોતાના સાથીઓ અને અનુયાયીઓમાંના અનેક આગેવાનોનું માનસ તથા આ બાબત પ્રજામતની 'મોળાશ' પણ જોતા હતા. (૨૫-૧૨-૩૮)

બીજી બાજુ 'વ્યક્તિસ્વાતંત્ર્ય'ની દલીલ આગળ ધરનારને તેઓ સમજાવે છે કે, "જે અભાગી માણસો આ બૂરી આદતના ગુલામ બની ગયા છે તેમને તેમની મરજી વિરુદ્ધ

મદદ કરવાની જરૂર છે. તેમનામાંના કેટલાક (પોતાની આદતની લાચારી જાણનારા) તેવી મદદ માગે પણ છે."

"હિંદને પીવાની આદતમાંથી છૂટવાની ફરજ ન પાડી શકાય અને જેમને દારૂતાડી પીવાં હોય તેમને તે માટે પૂરતી સગવડ પૂરી પાડવી જોઈએ એવી ઉપરઉપરથી તથ્યવાળી ભાસતી છતાં ખરી રીતે પોલી દલીલથી તમે ભરમાશો મા. રાજ્ય પોતાની પ્રજાની બૂરી આદતોને માટે બંદોબસ્ત કરી આપતું નથી."

આમ, ગાંધીજીએ દારૂબંધીની મુખ્ય જવાબદારી રાજ્ય સરકારને શિરે જ નાખી હતી. એની સફળતાની વ્યવહારુ કસોટી પણ ચીંધી હતી.

ગાંધીજીનું દારૂબંધી વિશેના ક્રમિક આયોજનનું ચિંતન એકાંગી નથી. તેમણે વરસો પહેલાં (૧૯૩૧માં) વિગતે વિચારી રાખેલું જ હતું :

"જો મને એક કલાકને માટે પણ આખા હિંદનો સરમુખત્યાર નીમવામાં આવે તો સૌથી પહેલું કામ હું એ કરું કે દારૂના એકેએક પીઠાને કશું વળતર આપ્યા વિના બંધ કરી દઉં. ગુજરાતમાં જ્યાં ખજૂરા છે તે બધાનો નાશ કરું. કારખાનાંવાળા પાસે મજૂરી માટે મનુષ્યને યોગ્ય એવી સ્થિતિ પેદા કરાવું; અને આ મજૂરોને જ્યાં નિર્દોષ પીણાં અને એટલાં જ નિર્દોષ મનોરંજનનાં સાધનો મળે એવાં ઉપાહાર ગૃહો અને ક્રીડાગૃહો ખોલાવું. કારખાનાંના માલિકો જો નાણાંની તંગીનું કારણ બતાવે તો હું તેમનાં કારખાનાં બંધ કરાવી દઉં.

"દારૂનો સંપૂર્ણપણે ત્યાગ કરનાર હોઈ, એક કલાકની સરમુખત્યારી મળવા છતાં, હું મારું ભાન ઠેકાણે રાખું. એટલે મારા યુરોપિયન મિત્રો અને માંદા માણસો જેમને બ્રાન્ડી કે એવી ચીજની દવા તરીકે જરૂર હોય તે સૌની સરકારી ખરચે હોશિયાર ડૉક્ટરો પાસે તપાસ કરાવડાવું, અને જ્યાં જરૂર હોય ત્યાં તેમને પ્રમાણપત્રોવાળા દવાના વેપારીઓ પાસેથી ઠરાવેલા પ્રમાણમાં આ જલદ પીણાં મેળવવાનો અધિકાર આપનારાં પ્રમાણપત્રો આપવામાં આવે એવી ગોઠવણ કરું."

ગાંધીજીની 'સરમુખત્યારી' પ્રજાની કકળતી આંતરડી પ્રતીક હતી, નહીં કે આપખુદી સત્તાની.

ગાંધીજી સમસ્યાનું હાર્દ સમજાવતાં એક પિતાને નાતે, એક વડીલને નાતે કહે છે :

"મારે મન દારૂનો સવાલ એ એક વધતી જતી સામાજિક બદીને રોકવાનો સવાલ છે; ને રાજ્યને તક હોય તે દરમિયાન એણે એની સામે બની શકે તે ઇલાજો લેવા રહ્યા છે. ધ્યેય સ્પષ્ટ છે : આપણે મજૂર વર્ગને અને હરિજનોને એ વ્યસનના પાશમાંથી છોડાવવા માગીએ છીએ. એ મહાવિશાળ પ્રશ્ન છે, અને દારૂની લત નાબૂદ થાય તે પહેલાં સર્વ સમાજસેવકોની, ખાસ કરીને સ્ત્રીઓની સર્વ શક્તિ એમાં રોકવી પડશે. મેં જે દારૂ-બંધીની રૂપરેખા આંકી છે તે તો આ સુધારાનું માત્ર મંગલાચરણ છે, જોકે એ અનિવાર્ય છે એમાં શક નથી જ.

"દારૂ પીનારાના ઘર આગળ જ એને લલચાવનાર પીઠું પડ્યું હોય ત્યાં લગી આપણે એને પહોંચી કે રોકી શકવાના નથી. માંદા બાળકને નહીં પણ માંદા માણસને, એની આગળ ખુલ્લી પડેલી મીઠાઈની પેટી ખસેડી લીધા વિના, એ મીઠાઈને અડતાં રોકવાનો પ્રયત્ન કરવો એના જેવો જ આ પ્રયત્ન છે." (૧૫-૮-૩૭)

## (૪) ગુજરાતની જવાબદારી

દારૂબંધીની નિષ્ઠા ધરાવનારાઓએ આનાથીય વિકટ પરિસ્થિતિનો તાગ લેવો રહ્યો. બીજા પ્રદેશની વાત છોડો. ગુજરાત અનેક અન્ય ક્ષેત્રોની જેમ સંસ્કાર ક્ષેત્રે અન્ય અનેક પ્રદેશો કરતાં વધુ સ્વસ્થ – તંદુરસ્ત છે. એવો આપણો દાવો છે અને તે અયોગ્ય નહીં પણ હોય. આપણા આવા ગુજરાતમાંય દારૂબંધીની સાચી નિષ્ઠાવાળા કેટલા ? શાસન – સરકારી ક્ષેત્રે આજ સુધીના પ્રધાનોથી માંડી ઉચ્ચ અધિકારીઓ; ઉદ્યોગ-વેપારના અગ્રણીઓ, એંજિનિયરો, મૅનેજરો, ને વકીલ, ન્યાયાધીશો, દાક્તરો અને શિક્ષક-પ્રાધ્યાપકો, સાહિત્યકારો અને કલાકારો, ચિંતકો અને પંડિતો ટૂંકમાં સમસ્ત પ્રજાના શારીરિક, બૌદ્ધિક અને નૈતિક સાંસ્કારિક ઘડતરના સુપ્રતિષ્ઠિત ધુરંધરોમાં દારૂનો સ્પર્શ પણ ન કરવાની નિષ્ઠાવાળા કેટલા ?

## સૌ કોઈ વિચારે

આનાથી પણ વધુ ચિંતાજનક એ છે કે આજ સુધી મોટે ભાગે મોટા ભાગનાં વ્યસનોથી બચી ગયેલા મધ્યમવર્ગી કુટુંબોનાં કૉલેજ – યુનિવર્સિટીઓમાં ભણતાં કે કામધંધે ચઢી ગયેલાં દીકરાદીકરીઓમાં પણ આ બદી ઝડપભેર પ્રવેશી ચૂકી છે.

આફ્રિકા જેવા દેશોમાંથી ભારત પાછા આવેલાં અને મોટાં શહેરોમાં વિલાસિતાનો ભોગ બનેલાં કુટુંબો આમાં અગ્રેસર છે. દારૂ છુટ્ટો મુકાતાં શી વલે થશે ? સૌ વિચારે.

આમ, એકંદર જોતાં આપણા સંજોગો વધુ ગૂંચવાયેલા છે ને પ્રશ્ન નાજૂક છે. કોઈ પણ પ્રકારના ઝનૂનથી કે અંતિમવાદથી પરિસ્થિતિ બગડવાની છે. તેમાંય, રાજકીય પક્ષોની સત્તારમત ઉમેરાશે તો પરિસ્થિતિ વીફર્યા વિના નહીં રહે. જેમનાં જીવન ઉજાળવાનો ઉદ્દેશ છે એ જ આદિવાસીઓ, હરિજનો અને ગરીબો એ ઉલઝનમાં ઊંધે રસ્તે ઘસડાઈ જાય એ પણ શક્ય છે. આટલું સમજીને સાચી દિશામાં સ્વસ્થ અને દઢપણે આગળ વધવું જરૂરી છે.

## સૌથી પહેલી જરૂરિયાત

આ માટે, મારી દષ્ટિએ સૌથી પહેલી જરૂરિયાત એ છે કે સમાજના તમામ ક્ષેત્રે ભૌતિક, ધાર્મિક, સામાજિક – શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અગ્રણીઓ તો સંપૂર્ણ દારૂબંધીને સ્વેચ્છાએ વ્યવહારમાં અપનાવે જ. (પરમિટોના લાભનો ત્યાગ કરીનેય.) પોતાના જાહેર જીવનનું 'શીલ' સમજીને પ્રજા આગળ દષ્ટાંત બેસાડે જ.

આટલું થશે તો ઉપલા વર્ગોનો સહકાર લેવાનું સરળ બનશે અને મધ્યમ વર્ગના યુવાનોમાં નવો-નવો પ્રવેશેલો મોહ દૂર કરી શકાશે. અને તો જ આપણા કારીગરો, મજૂરો અને હરિજનો જેઓ સદીઓથી આ સકંજામાં સપડાયેલ છે તેમને ગર્તામાંથી બહાર કાઢવાનું વાતાવરણ ઊભું થશે.

અંતે તો, બીજું કંઈ થાય કે ન થાય, જે રાજ્યોમાં દારૂબંધી અંગે જે પ્રતિબંધો મુકાઈ ચૂક્યા છે તેમાં તો 'પીછેહઠ નહીં જ નહીં' – એવી ખાતરી રાજ્ય સરકારો આપે અને હયાત કાનૂનોનો કશી જ શેહશરમ વિના કડકમાં કડક અમલ કરે. સરકારોનાં શિરે દેશના સંસ્કારજીવનનું આ ધોવાણ થંભાવી દેવાની જવાબદારી છે તે અદા કરે...

* આપણે દેશના ગરીબ અને ભલાભોળા માણસોને સમજાવીએ કે, મદ્યપાનથી એમના સ્વાસ્થ્યને, નીતિમત્તાને અને ખીસાને નુકસાન થાય છે. મદ્યપાનથી કૌટુંબિક જીવન બરબાદ થાય છે. માટે મદ્યપાન છોડવું જ સારું, કેટલાક આપણી આ વાત જરૂર માનશે.

કાકા કાલેલકર

* નશાબંધીનો કાર્યક્રમ સફળ ન થાય ત્યાં સુધી માણસોએ કરેલી કમાણી વેડફાઈ જાય છે. શ્રદ્ધા અને ધૈર્યથી આ કામ અવિરત કરવું જોઈએ.

બબલભાઈ મહેતા

* ગામના નશામુક્ત, શુદ્ધ, સાચા અને ઉન્નતશીલ લોકો એ જ સાચી જનતા છે – નહીં કે દારૂ ગાળનારા કે પીનારા

જુગતરામ દવે

* આગમાં બાગ ખિલાવો દોસ્તો !
જ્યોતિ શાંતિથી જગાવો દોસ્તો !
શરાબ છોડી – નિર્વ્યસન થઈને
જિંદગી સ્વર્ગ બનાવો દોસ્તો !

જમિયત પંડ્યા

## મદ્યનિષેધ : માનવતાવાદી આંદોલન

## પ્રભુદાસ બાલુભાઈ પટવારી

## સામાજિક પ્રવૃત્તિ ને કાયદેસરનાં પગલાં દ્વારા સિદ્ધ કરેલી નશાબંધીનું વિહંગદર્શન

ગાંધીજી અહીં જન્મ્યા હતા એ ગુ .

.

. . . ૧૯૩૭ . ‘ ’ :

. . ૧૯૫૦ . ૧૯૬૦

## ગુજરાતની વિશેષતા

કેળવણી અને

## ગુજરાતનું આ**કર્ષણ**

હમણાં-હમણાં જોવામાં આવ્યું છે કે વેપાર અને ઉદ્યોગ સાથે સંકળાયેલા સંખ્યાબંધ માણસો અન્ય રાજ્યોમાંથી ગુજરાત તરફ ઝડપથી આવી રહ્યા છે, અને તે એટલા માટે કે ત્યાંનાં (અન્ય રાજ્યોમાં ઝઝૂમી રહેલાં) જોખમોમાંથી બચી .

. ‘ ,

૪૫ ૧૮

૩૫

## દારૂબંધીનાં સુફળ

ગુજરાત

## સામાજિક પ્રતિષ્ઠા

વ્યક્તિ ગમે તેટલી ઊંચી કક્ષાની હોય તો પણ જો એ મદ્યપાન કરતી હોય તો ગુજરાતમાં તેને કોઈ પણ રીતનો આદર કે સામાજિક પ્રતિષ્ઠા મળતાં નથી. સાધારણ મદ્યપાન કરનારને પણ નોકરી કે નિવાસસ્થાન મળી શકતું નથી. જો તેને

## **માનવતાવાદી નીતિની હિમાયત**

મદ્યનિષેધની નીતિને ઢીલી કરવા માટેની ચવાઈ ગયેલી અને આછકલી દલીલોનો યુક્તિપૂર્વક સામનો કરીને મદ્યનિષેધ અંગેના હાલના પ્રધાનશ્રી પોતાના (મદ્યનિષેધના) મિશનકાર્યમાં કેટલા જોરાવર છે ત

## રાજ્યને નાણાકીય લાભ

ગુજરાત રાજ્યમાં વેશ્યાવૃત્તિ પોષનારાં ધામો લગભગ .

## ગાંધીજીનો **આગ્રહ**

રાષ્ટ્રના વિકાસના એક અતિઆવશ્યક અંગ તરીકે સારાયે દેશમાં સંપૂર્ણ મદ્યનિષેધની નીતિનો અમલ કરવાની બાબતમાં ગાંધીજીનો ખૂબ જ આગ્રહ હતો એ સૌ કોઈ જાણે છે. હરેક પ્રકારના વિવિધ જાહેર મતમતાંતરો ધરાવનારા નેતા

.

. , ‘

.

( ) .

. .

## લશ્કર માટે મોટી આપત્તિ

મોગલ શહેનશાહ બાબર મદ્યનિષેધ ફરમાવ્યા પછી જ ર .

.

. ૧૯૪૧

.

, ‘

( ) .’

## જાગતિક સંસ્થાઓને અપીલ

આખાયે જગત પર મદ્યનો જે સૌથી ભયાનક અને ગંભીર કુઠારાઘાત થઈ રહ્યો છે તે અંગે સૌ જાગતિક સંસ્થાઓ, એટલે કે યુનો, યુનેસ્કો, વિશ્વ આરોગ્ય સંસ્થા વગેરે વિચાર કરે એવી નમ્રતાપૂર્વકની અપીલ આ મહાન મંચ પરથી આજે આપ .

. . ., , ,

. ,

, , ,

!

.

.

(

)

# શું દારૂબંધી એ ગુજરાત માટે લક્ઝરી છે ?

**રિખવચંદ શાહ**

'ગુજરાતને દારૂબંધીની લક્ઝરી પાલવે તેમ નથી' ગુજરાતના અમદાવાદના એક દૈનિકે આ પ્રમા

?

-

?

.

.

.

. .

.

.

.

?

# નશાબંધી શા માટે ?

## યશવંત શુ લ

એક પ્રસિદ્ધ ભારતીય ગાયકને નીચેની પંક્તિ ઉથલાવીને અને વિવિધ તરાહથી સાંભળ્યા છે. એ પંક્તિ છે :

"થોડી થોડી પિયા કરો"

આ સાંભળતાં નશાબંધીમાં માનવાવાળા ગુજરાતી શ્રોતાઓએ આંચકો અનુભવ્યો હોય એમ મને લાગ્યું નથી. સાહિત્યમાં તો ઉપમા, રૂપક અલંકારો દ્વારા કે પ્રતીકરૂપે નશાનો ઉલ્લેખ થતો જ રહ્યો છે. એ વાત જાણે કે કોઠે પડી ગઈ છે.

આમ થવાનું કારણ એ છે કે દુનિયાભરની પ્રજાઓ પરાપૂર્વથી વિવિધ પ્રકારની નશીલી ચીજોનો આસ્વાદ લેતી આવી છે. પણ આ કારણનું કારણ શું હશે તે ગમે તેના અનુમાનનો વિષય બની શકે તેમ છે.

છેક માનવજીવનના પ્રારંભ સુધી નજર દોડાવીએ તો આહારની શોધમાં ભટકતો આદિ માનવ અખતરા દાખલ કોઈ નવી ચીજવસ્તુને ઉદરમાં પધરાવતી વખતે કોઈ અવનવી ઉત્તેજના અનુભવી રહ્યો હોય અને પોતાના ભેરૂબંધોને એની જાણ કરી હોય, અખતરો આગળ વધ્યો હોય અને તત્કાળ કોઈ ખાસ નુકસાનનો અહેસાસ ન થતાં આખી ટોળીની કે આખા જન-સમાજની ઉત્તેજનાની એ જરૂરત બની ચૂકી હોય એમ બાંધે ત્યારે આ અખતરાના આરંભની વાત માંડી શકાશે. દુનિયાભરમાં સ્થળેસ્થળે વસતી પ્રજાઓએ વિવિધ પ્રકારનાં માદક દ્રવ્યો અજમાવી જોયેલાં છે અને નશામાં ચકચૂર રહેવા માટેના સામાજિક, ધાર્મિક અને વ્યક્તિગત પ્રબંધો કરેલા છે.

માણસને શા માટે આમ કરવાની જરૂર પડી હશે ? એનું એક કારણ તો એ છે કે મનુષ્ય એ વિચાર કરનારું પ્રાણી છે. એ શાનો વિચાર કરે છે, કયા સ્તરેથી વિચાર કરે છે, કયા લક્ષ્યને નજરમાં રાખીને વિચાર કરે છે એ બાબતને વેગળી રાખીએ, પણ મનુષ્યને મનુષ્ય બનાવનાર તત્ત્વ તે એની વિચારશક્તિ છે. એની કલ્પના, સ્મૃતિ અને સંવેદના વિચારશક્તિને બહેલાવે છે. માણસ વિચાર કરે છે અને સંવેદના અનુભવે છે

તેથી જ એને સુખદુઃખની દ્વૈતમૂલક પીડા વળગે છે. પછી દુઃખ ભૂલવા ને સુખમાં મહાલવા એ ઝાવાં નાખે છે.

મનુષ્યેતર પ્રાણીઓ ઝાઝો વિચાર કરતાં નથી, દ્વૈતમૂલક અનુભવો તેમને પણ થતા હોય છે પણ એને વિશે વિચાર, કલ્પના કે સંવેદનાની ઝાઝી પરડ તેમને કરવાની હોતી નથી. તેઓ તેમાંથી છૂટવાને ઝાવાં પણ નાખતાં નથી. મોટે ભાગે સહજ પ્રેરણાઓથી જીવનારાં પ્રાણીઓ ટેવવશ જીવન નિર્ગમે છે. દુઃખ ભૂલવા તેમને નશો કરવો પડતો નથી.

પણ મનુષ્ય વિચાર કરે છે તેથી આ દ્વૈતમય જગત તેનાં સુખદુઃખને નવાં પરિમાણો અર્પે છે. અને દુઃખની સ્મૃતિથી છૂટવા, દ્વૈતનો મુકાબલો કરવા એ કશીક ઉત્તેજનાની શોધમાં પડે છે. કશોક કૃત્રિમ ભુલાવો તેને જોઈતો હોય છે. તો વૈચારિક ઉત્તેજનાની કે ખુદ વિચારને ભૂલવાની મનુષ્યની પ્રવૃત્તિના મૂળમાં જગત દ્વૈદ્વાત્મક છે એ હકીકત પડેલી છે. જો મનુષ્ય સ્વયમેવ સુખી રહી શકે તો એને નશો કરવાની જરૂર ન રહે. જેઓ વિચારશીલ છે અને સંવેદનશીલ છે, જેઓ કલ્પનાશીલ અને જગતનાં દ્વંદ્વોના, અર્થાત્ વિવિધ અને વિરોધી અનુભવોના સાક્ષી છે તેમને બાહ્ય ઉત્તેજના દ્વારા પોતાના સંવેદનોને શાંત કરવાની જરૂર પડતી નથી.

શા માટે માણસ ઉત્તેજનાની શોધમાં જાય છે તે આપણે જોયું. આપણે એ પણ નોંધવું જોઈએ કે માણસ સામાજિક પ્રાણી હોવાથી એણે બાહ્ય ઉત્તેજનાઓને સામાજિક રૂપ પણ આપ્યું છે. દુનિયાના અનેક સમાજોમાં ખાનપાનના વ્યવહારમાં નશીલા પદાર્થોનો સમાવેશ થતો હોય છે. એમાં નવા-નવા નશીલા પદાર્થો પણ ઉમેરાતા જાય છે. ચા, બીડી, તમાકુ, કૉફી, અફીણ, દારૂ, હેરોઈન આદિને સમાજજીવનમાં અને વ્યક્તિજીવનમાં જે સ્થાન મળ્યું છે તેનું મૂળ કારણ વિચાર દ્વારા સ્ફુરતાં વાસ્તવિક બાહ્ય જીવનનાં સુખદુઃખને ટાઢાં પાડી ઉત્તેજનાની એક નવી માનસિક સ્થિતિએ પહોંચવાની તજવીજ સ્થળે-સ્થળે થતી રહી છે, તે છે.

પણ મનુષ્યની સ્થિતિ તો જુઓ ! ઉત્તેજનાનો અમર્યાદ આશ્રય લેનાર, ફરીફરીને તેનું સેવન કરનાર સમાજ અને વ્યક્તિ જે દુઃખ પોતે ભૂલવા માગે છે તેના કરતાં અદકેરા દુઃખનું નિર્માણ માદક દ્રવ્યોના સેવનથી કરે છે.

શા માટે નશાબંધી એ પ્રશ્નની તાત્ત્વિક સમજ કેળવવા, શા કારણે નશો. તેની પણ મીમાંસા કરવી જ પડે, ઊંડા ઊતરીને કરવી પડે. કેવળ એકાદ વ્યક્તિને સમસ્થિતિમાં લાવવાની દૃષ્ટિથી નહીં પણ સારાયે સમાજને સમસ્થિતિમાં લાવવાની દૃષ્ટિથી કરવી પડે. નશીલાં દ્રવ્યોનો વ્યાપ એટલો બધો વધી ગયો છે, અને અમુક મર્યાદિત માત્રામાં તેનો આશ્રય લેવામાં કશો વાંધો નહીં એવો ખ્યાલ એટલો બધો ઘર કરી ગયો છે કે એમાંથી બહાર નીકળી આવવું મુશ્કેલ બની ગયું છે. ગીતાએ પ્રબોધેલી પોતા વડે પોતાથી સંતુષ્ટ રહેવાની જીવનકલા હવે પ્રચારવી પડે તેમ છે.

નશાબંધી શા માટે એ પ્રશ્નનો સાદોસીધો ઉત્તર તો એ જ હોઈ શકે ને કે સામાજિક સ્વાસ્થ્ય માટે અને વૈયક્તિક વિકાસ માટે જે વિચારશક્તિથી મનુષ્યે આટઆટલું જ્ઞાન સંચિત કર્યું, આટઆટલાં સાધનોનું નિર્માણ કર્યું, આટઆટલા સંબંધો નિર્મ્યા, આટઆટલા નીતિનિયમો સ્પષ્ટ કર્યા તે વિચાર-શક્તિ વડે જ તેણે સુખદુઃખની પરસ્પર વિરોધી જીવનકલા ઉપજાવવી જોઈએ. વિચારને ઊંઘાડી દેવાથી દુઃખની સંવેદનામાંથી કે ઉત્તેજનાજન્ય કૃત્રિમ સુખની નિર્મિતિમાંથી ઊગરી શકાવાનું નથી. જીવનનાં દ્વંદ્વો જો વિચારનાં જ પરિણામો છે તો જીવનની સમસ્થિતિ પણ વિચારતથ્યથી જ પ્રગટાવી શકાશે એટલે નશાબંધી શા માટે, એ પ્રશ્નનો તાત્ત્વિક જવાબ એ છે કે વિચારજીવન કુંઠિત ન થાય તે માટે, નશો વિચારને દાબી દે છે અને વિચાર એ વિકાસનું મૂળ દ્રવ્ય છે. માટે કૃત્રિમ ઉત્તેજનાઓ દ્વારા વિચારને આંતરનારી સર્વે પ્રવૃત્તિઓને જીવનમાંથી સ્વેચ્છાએ વિદાય કરવી જોઈએ.

નશાને કારણે તનમનધનની જે બેહાલી થાય છે, જે દુઃખ ભૂલવા નશો કરાય છે તે સ્વયં સામે આવીને ઊભું રહેતું હોય છે. જેથી સંબંધોમાં અંતરાયો પેદા થાય છે અને સાંસ્કૃતિક ચેતના કુંઠિત થાય છે એ નુકસાન તો એવું સર્વવિદિત છે કે એની ચર્ચા કરવાને બદલે મૂળ કારણ સુધી પહોંચવું એ જ મને યોગ્ય લાગ્યું છે.

## દારૂબંધી સફળ કરવા માટે આટલું કરીશું ?

**વેણીશંકર મુરારજી વાસુ**

દારૂથી મબલખ આવક થાય છે, એ દલીલ માત્ર નબળી નથી, વાહિયાત છે અને આર્થિક કસોટી ઉપર પણ નિષ્ફળ નીવડેલી છે. ગમે તે પ્રકારે આવક મેળવવાની નીતિ ભારતીય વિચારધારા અને હિંદુસંસ્કૃતિને મંજૂર નથી. જો રાજ્ય દા

,

?

, .

પદ્મિનીને અલાઉદ્દીનને સોંપી દેવા કરતાં ૨૫ હજાર રજપૂતાણીઓએ જૌહર કરવાનું અને હજારો રજપૂત વીરોએ કેસરિયાં કરી પ્રાણત્યાગ કરવાનું ઉચિત ધાર્યું હતું. પશ્ચિમ અને ભારતની આ બે વિચારધારાઓનો સમન્વય શી રીતે થઈ શકે ? એટલે પશ્ચિમનાં રાજ્યો દારૂબંધીમાંથી આવક મેળવે છે માટે આપણે પણ મેળવવી એ દલીલ આપણી સંસ્કૃતિને બંધબેસતી નથી.

## આવક કરતાં ખર્ચ વધી જા **છે**

દારૂ પીવાથી જે ગુના થાય છે, જે સામાજિક અશાંતિ જન્મે છે, દારૂ પીવાના પ્રત્યાઘાત રૂપે જે દરદો થાય છે – પછી તે દારૂ પીવાથી થયાં હોય કે દારૂની લતથી પેદા થતી માનસિક તંગી અને ભૂખમરાને કારણે થતાં હોય, એ દરદોની સાર

, .

,

.

.

## દારૂબંધી કેવી રીતે કરવી જોઈએ ?

દારૂબંધી કરવાની પ્રજાના ઘણા મોટા ભાગની માગણી એ તેમના આત્માનો અવાજ છે, એટલે એ કરવી જ જોઈએ. અને તે એવી રીતે કરવી જોઈએ, જેથી પ્રજાને ત્રાસ ભોગવવો ન પડે. એ

.

. ,

. “

”

.

.

## દારૂને બદલે કાવો

‘પંજાબ, હરિયાણા જેવા અતિશય ઠંડા પ્રદેશમાં અને જેઓ રાત-દિવસ સમુદ્રમાં વહાણવટાન ’

, ૬૦-૭૦

. ( ,

- ઔંસ જેટલો પી જાય.) અગાઉ શરદી માટે પણ કાવો પીતા.

ઉચ્ચ કુટુંબોમાં સુવાવડ પછી શરીરે બ્રાન્ડી ચોળે છે. આપણું આયુર્વેદ સુવાવડ પછી એક મહિના સુધી લાક્ષાદિ તેલ વડે અથવા તલના તેલમાં તજ, અજમો, સુવા, આસગંધ અને અમરવેલ નાખી ગરમ કરી તે તેલથી સુવાવડી સ્ત્રીને એકથી દોઢ મહિના સુધી માલિશ કરવા સલાહ આપે છે. દવા તરીકે દારૂના વિકલ્પ તરીકે વધુ ઉત્તમ ઔષધો આયુર્વેદમાં વપરાય છે. પણ આ તમામ ઔષધોને અન્યાયી, ગેરવાજબી અને માનવતાદ્રોહી કહી શકાય એવી આર્થિક નીતિ ઘડીને ઔષધો એટલાં તો મોંઘાં અને દુષ્પ્રાપ્ય બનાવી દેવાયાં છે કે તે ઔષધો કરતાં દારૂ વધુ સસ્તો અને વધુ સુલભ બન્યો છે. આવી આર્થિક નીતિ પણ દારૂબંધીની નિષ્ફળતાનું એક કારણ છે.

## સાઉદી અરેબિયાનું અનુકરણ કરીશું ?

સાઉદી અરેબિયામાં દારૂબંધીનો કાયદો છે એ કેટલે અંશે સફળ થયો હશે તે આપણે નથી જાણતા. કોઈ પણ દૂષણની આ વિશ્વમાંથી સંપૂર્ણ નાબૂદી શક્ય જ નથી. તેની માત્રામાં વધારો-ઘટાડો થયા કરે છે. તે જ પ્રમાણે સાઉદી અરેબિયા અને બીજાં

ચુસ્ત ઇસ્લામી રાજ્યોમાં પણ દારૂની નાબૂદી સદંતર ન હોય તો આપણે નવાઈ પામીએ નહિ.

છતાં આપણે ત્યાં એવી પણ દલીલ કરાય છે કે, "અમેરિકા જેવો દેશ પણ દારૂબંધી કરવામાં નિષ્ફળ નીવડ્યો તો પછી આપણે શા માટે દારૂબંધી કરી કરોડોની આવક ગુમાવવી જોઈએ ?" પણ, અમેરિકામાં ચોરી, ખૂન, દાણચોરી અને કરચોરી વગેરે કૃત્યો ગુનાપાત્ર છે અને સજાપાત્ર પણ છે. છતાં એ ગુના થાય છે અને એ ગુના થતા હોવાથી અમેરિકન સરકાર કે બીજા દેશોની સરકારો પણ એ ગુના કરવાની છૂટ આપતી નથી. અમેરિકાએ દારૂબંધીનો કાયદો પાછો ખેંચી લઈને પોતાની નિર્બળતા અને પ્રજાની હલકી મનોદશાને છતી કરી છે. એટલે એનું અનુકરણ કરવામાં કોઈ જાતનું શાણપણ નથી.

આપણે સાઉદી અરેબિયાનું આ વિષયમાં અનુકરણ કરી શકીએ. બીજું વિશ્વયુદ્ધ જ્યારે એની પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું ત્યારે બ્રિટનના વડાપ્રધાન શ્રી ચર્ચીલને મહત્ત્વની મંત્રણાઓ માટે સાઉદી અરેબિયાના રાજા સાઉદીને મળવા જવાનું થયું. બ્રિટિશ વડાપ્રધાનની સગવડ માટે સાઉદી અરેબિયાના બ્રિટિશ એલચીએ રાજા ઈબ્ન સાઉદી સાથે વાટાઘાટો કરી તેમાં એવું જણાવ્યું કે "ચર્ચીલને ભોજન પછી દારૂ પીવાની આદત છે, અને તે અમુક જાતનો દારૂ પસંદ કરે છે." તરત જ રાજા સાઉદે જવાબ આપ્યો કે "અમે ઇસ્લામીઓ દારૂને અડકતા નથી, અને અહીં અમે દારૂ આપી શકીશું નહિ."

બ્રિટિશ એલચીએ તેમને સમજાવવા ઘણી મહેનત કરી, પણ રાજા ઇબ્ન સાઉદે આખરે સ્પષ્ટ કહી દીધું કે, "દારૂ વિના ન ચાલે તો મુલાકાત રદ કરો. બાકી અહીં દારૂ નહીં મળે."

આખરે ચર્ચીલ જેવા ચર્ચીલને નમતું જોખવું પડ્યું અને દારૂ વિના ચલાવી લેવું પડ્યું. અહીં રાજા ઇબ્ન સાઉદની સિદ્ધાંતનિષ્ઠાનાં અને ધર્મ પ્રત્યેની વફાદારીના દર્શન થાય છે.

## માનવહીન ટોળાઓનો દેશ બની જશે

દારૂબંધીને નિષ્ફળ બનાવનારાં તમામ કારણોને ધ્યાનમાં રાખીને, દારૂની બદીના ફેલાવામાંથી સમાજનું શોષણ કરી સમૃદ્ધ થવા ઇચ્છતા વર્ગની શક્તિને ધ્યાનમાં રાખીને,

જો સંપૂર્ણ દારૂબંધી જાહેર કરવામાં ન આવે, તો આ દેશ ગુનેગારોનો, સંસ્કૃતિહીન પ્રજાનો અને માનવતાહીન ટોળાંઓનો દેશ બની જશે.

દારૂબંધીમાં રસ લેનારાઓ માટે સલામતીની કોઈ શક્યતા નથી. છતાં જોખમ લઈને પણ પ્રજાએ દારૂબંધીની સફળતામાં રસ લેવો જોઈએ.

દારૂબંધી સફળ કરવા માટે

(૧) છટકબારીઓ વિનાનો, ગુનેગારને જામીન ઉપર છોડી ન શકાય તેવો અને લાંબી સજા ફટકારતો કાયદો.

(૨) આ કાયદાનો ભંગ કરનાર સામે બહિષ્કાર કરવાની જ્ઞાતિઓને સત્તા. એક જ્ઞાતિએ જેનો બહિષ્કાર કર્યો હોય તેને બીજી કોઈ જ્ઞાતિ અપનાવી શકે નહિ તેવો કાયદો.

(૩) સાહિત્યકારો, કેળવણીકારો, નાટ્યકારોનું સંકલન કરીને તેમના દ્વારા દારૂની બદી વિરુદ્ધ પ્રચંડ આંદોલનની યોજના.

(૪) સંપૂર્ણ ગોવધબંધી દ્વારા અને ગ્રામોદ્યોગો દ્વારા બેકારી-નાબૂદીનો કાર્યક્રમ, જેથી અનેક બેકારો, જેઓ દિલથી નારાજ હોવા છતાં લાચારીથી દારૂના ધંધામાં પડ્યા છે તેઓ ફરીથી પોતાનું માનભર્યું સામાજિક જીવન શરૂ કરી શકે.

(૫) જેના વિકલ્પ તરીકે દારૂ વપરાવા લાગ્યો છે તેવી તમામ ઔષધિઓનું ઉત્પાદન વધારી તેમના ઉપરના તમામ કરની નાબૂદી, નિકાસની બંધી અને અહીં પેદા ન થતી હોય તેવી ઔષધિઓની મુક્ત આયાત.

(૬) આવી ઔષધિઓની જાણકારીનો લોકોમાં ફેલાવો, તેના ઉપયોગની સમજણ, પીવાથી થતા રોગોની જાણકારી અને આર્થિક તેમજ સામાજિક જીવનની પાયમાલી વગેરેનો આમજનતામાં પ્રચાર.

(૭) ગ્રામોદ્યોગો અને ગૃહઉદ્યોગોના વિકાસ દ્વારા શહેરોમાં ઝૂંપડપટ્ટી-નિવાસીઓને ફરીથી ગામડાંઓમાં મોકલી દારૂના મોટા અડ્ડા સમી ઝૂંપડપટ્ટીઓની નાબૂદી.

(૮) લોકોનો એક એવો વર્ગ છે કે જે એમ માનતો થયો છે કે સખત માનસિક કે શારીરિક પરિશ્રમ કર્યા પછી થાક ઉતારવા માટે દારૂ પીવો ફાયદાકારક છે. એવા લોકોને એ સમજાવવું જોઈએ કે તે એક માન્યતા છે. થાક ઉતારવા માટે – તે પછી શારીરિક

હોય કે માનસિક, દૂધ સહુથી ઉત્તમ ઉપાય છે. માટે દારૂ નહિ પણ દૂધ એ વાતનો પ્રચાર વહેતો મૂકવો જોઈએ, અને લોકોને દૂધ સસ્તું અને સહેલાઈથી મળી શકે તેવી યોજના હાથ ધરવી જોઈએ.

(૯) ગ્રામોદ્યોગો દ્વારા મજૂરોને સ્વતંત્ર કારીગરોમાં ફેરવી નાખવાથી તેમની ધંધાકીય જવાબદારી વધી જવાથી દારૂની આદત છૂટતી જશે.

(૧૦) ખેતીમાંથી યાંત્રીકરણની ક્રિયા અટકાવીને મૂળ ભારતીય પદ્ધતિ ઉપર જવું જોઈએ. ખેડૂત સારો એવો સમય ખેતીના કાર્યમાં રત રહેવાથી દારૂ અને જુગાર તરફ તેનું ધ્યાન ઓછું જશે.

(૧૧) દારૂબંધીના નામે મહુડાનાં જંગલો કાપી નાખી ગરીબ આદિવાસીઓનાં મોંમાંથી તેલ અને રોજી ઝૂંટવી લીધાં અને જ્યાં ભ્રષ્ટાચાર માટે દારૂની બાટલી ચલણી નાણું બની ગઈ હતી એવા ભારે ઉદ્યોગોનો વિકાસ થવા દીધો. હવે એ પ્રક્રિયા ઉલટાવવી જોઈએ. મોટા ઉદ્યોગો ધીમેધીમે વિકેન્દ્રિત કરવા જોઈએ અને જંગલોને વિકસવા દઈને વનવાસીઓ માટે રોજીનાં દ્વાર ખુલ્લાં કરવાં જોઈએ, જેથી તેઓ દારૂના ધંધામાંથી પાછા વળી પોતાના પૂર્વજોના વનપેદાશના વેપારના ધંધામાં લાગી જાય.

(૧૨) આજના જીવનની માનસિક તાણ પણ લોકોને દારૂ તરફ આકર્ષે છે. સંપૂર્ણ ગોવધબંધી કર્યા વિના, અને મજૂરોનું સ્વતંત્ર કારીગરોમાં પરિવર્તન કરીને સમગ્ર ઉદ્યોગનીતિને ગોવંશઆધારિત અને પશુ તેમ જ માનવસંચાલિત બનાવી બેકારી, મોંઘવારીનો અંત આણ્યા સિવાય, માનસિક તાણની માત્રા ઘટી શકે તેમ નથી. દારૂની બદી ફેલાવાનું એક મોટું કારણ માનસિક તાણ પણ છે.

દારૂ એ કોઈ ખોરાક નથી. દારૂનું સેવન કરવાથી આપણો નાશ થાય છે. દારૂના વ્યસનના કારણે જો કોઈને પણ સહન કરવું પડતું હોય તો તે સ્ત્રીને જ. સ્ત્રી પુરુષની અર્ધાંગિની ગણાય... સ્ત્રીઓ મજૂરી કરે... બાળકોની સારસંભાળ રાખે તો દારૂડિયા પતિ સ્ત્રીને મારઝૂડ કરી પૈસા લઈ જાય.... અને તે પૈસા દારૂ પીવા માટે વેડફે છે ત્યારે મને શરાબીઓને ઉદ્દેશીને કહેવાનું મન થાય છે કે...

ઝૂમ બરાબર ઝૂમ શરાબી
થઈ છે તારી કેવી ખરાબી
દારૂડિયા બૈરી પર શૂરો
સંસાર એનો સદા અધૂરો

એક દિવસની વાત છે. કેલીસણા ગામમાં જાણીતા લેખક પીતામ્બરભાઈ પટેલ પધારેલ. ગામમાં આનંદ હતો. લેખકનું સ્વાગત કરવા સૌ થનગની રહ્યા હતા. હીરાભાઈ દેસાઈની પુત્રી લાલબહેન તે વખતે ધો.-૬માં અભ્યાસ કરતી હતી...તેઓએ સ્વાગત ગીત ઝેર તો પીધાં જાણી જાણી રે ગાઈને મહેમાનનું સ્વાગત કર્યું. ત્યારે પીતામ્બરભાઈ પટેલના હસ્તે તે વખતે ‘સોનાનો સૂરજ’ નામનું પુસ્તક ઇનામમાં લાલબહેનને મળ્યું તે વખતે હાજર મગનકાકાએ પુસ્તક લઈ... માથે મૂકી નાચ્યા હતા અને કહેતા હતા કે હીરાભાઈની દીકરીને સોનાનો સૂરજ મળ્યો... આ હતી મગનકાકાની ઊર્મિ ભરી લાગણીઓ. પણ મગનકાકાએ જિંદગીના છેલ્લા દિવસ સુધી દારૂને છોડ્યો નહિ... તે તેઓનું અને ગામનું કમભાગ્ય હતું.

પૂજ્ય રવિશંકર મહારાજ એક ગામમાં ગયા અને ગામમાં દારૂબંધી વિશે શિખામણની વાતો કરી... ગામના લોકોમાં શિખામણની વાત સોંસરવી ઊતરી ગઈ. શરાબ નહિ પીવાની પ્રતિજ્ઞાઓ લીધી. વ્યસનમુક્ત બન્યા.

ઉપદેશ આપવો સહેલો છે... પણ તેનો અમલ ખૂબ કઠિન છે... ત્યારે ઈશ્વરે મનુષ્યને સાચી-ખોટી બાબતો સમજવા મન આપ્યું છે... મન તો માંકડા જેવું છે. મનને કાબૂમાં રાખી સદ્‌વર્તન કરવું એ મનુષ્યના હાથમાં છે. મનુષ્ય-જીવન મૂલ્યવાન છે પોટલી પીને વેડફી દેવું એ બેવકૂફી છે...

ગરીબ શ્રમજીવી તો કદાચ ગમ ભૂલવા પીતો હશે પણ શ્રીમંતો શા માટે પીતા હશે ? આપણા કહેવાતા ઉચ્ચ કક્ષાના સમાજમાં આ સળગતી સમસ્યા છે... જાગવાનો સમય આવ્યો છે. જાગીશું નહિ તો આપઘાત સિવાય કોઈ માર્ગ નથી... કોણ બચાવશે આપણને ?

ગરીબોની પરસેવાની કમાણી દારૂના વ્યસનમાં વેડફાતી અટકશે તો તેમની આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો થશે.

## પરિવર્તન

### અરુણાબહેન ઠક્કર

પરિવર્તન – બદલાવ.... વર્તનમાં બદલાવ લાવવાના હેતુ સાથે સુરતમાં ૧૯૮૯માં નશાબંધી મંડળ – ગુજરાત દ્વારા કેન્દ્રના સામાજિક, ન્યાય અને અધિકારીના મંત્રાલયના સહયોગથી પરિવર્તન વ્યસનમુક્તિ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી. દારૂ, અફીણ, ચરસ, ગાંજો છોડવા માંગતા લોકોને માર્ગદર્શન આપવા આ કાઉન્સેલીંગ સેન્ટરની શરૂઆત થઈ. સુરતમાં દારૂ પીવો એ સાવ સામાન્ય બાબત ગણાતી. ઘણી બધી જ્ઞાતિઓમાં જેમ કે, ગોલા, ખત્રી વગેરેનાં ઘરમાં સારા-માઠા પ્રસંગે દારૂ પીવા-પિવડાવવાનો રિવાજ છે. આથી અમે સાથે મળી, જનજાગૃતિ એ અમારું પહેલું કાર્ય એવો નિર્ણય કરી, એ માટે એક સરસ પપેટ-શૉનું નિર્માણ કરવા નક્કી કર્યું. બધાએ મળીને જનજાગૃતિ માટેના મુદ્દાઓ તારવ્યા અને એની આસપાસ એક સામાન્ય માણસને અસર કરે તેવી વાર્તા વણી એમાં ગીતો અને જોક્સ મૂક્યાં, સંગીતથી વાર્તા વધુ અસરકારક બની, પછી એ વાર્તા લોકો સુધી પહોંચાડવા “પપેટ્સ” બનાવવા વિચાર્યું. અત્યાર સુધી સ્ટ્રીંગ પપેટ્સ જ જોયા છે અને એ કઠપૂતળીની એક વિશિષ્ટ પદ્ધતિ છે. અમે કંઈક જુદું કરવા નક્કી કર્યું... અને હેન્ડગ્લોઝ પપેટ બનાવ્યાં. આમ, જુદાં જુદાં પાત્રોનાં પપેટ્સ હાથમાં પહેરી પડદા પાછળથી, પડદાની ઉપરથી નાટકની જેમ જોઈ શકાય તેવી રીતે હલન-ચલન કરાવી વાર્તાને રસિક રીતે લોકો સુધી પહોંચાડવાનું આયોજન થયું. અને સુરતનાં જુદાં જુદાં મહોલ્લા, સ્લમ, શાળાઓમાં પપેટશૉ દર્શાવ્યા. ધીમે ધીમે લોકોમાં

આ સમજ આવવા લાગી અને લોકો આ અંગે વધુ જાણકારી, માર્ગદર્શન માટે અમારી સંસ્થા પર આવવા લાગ્યાં. અને પરિવર્તનમાં સારવાર આપવાનું શરૂ થયું. અને એથી સરકારે તેને ૧૫ પથારીની હોસ્પિટલ તરીકે માન્યતા આપી. શરૂઆતમાં બ્રાઉન સુગર અને દારૂ છોડવા વધુ લોકો આવવા લાગ્યાં. દર્દી સારા થઈને જતાં અને તે કારણે બીજા દર્દીઓ આવતા, આમ, સુરત ઉપરાંત મુંબઈ, જલગાંવ, ધુલિયા, ઇન્દોર અને સૌરાષ્ટ્ર સુધી સંસ્થાની જાણકારી પહોંચી અને દર્દીઓ આવતાં ગયાં.

સંસ્થાએ ૨૨ વર્ષ પૂરાં કર્યાં. વર્ષે લગભગ ૧,૨૦૦ દર્દીઓ સારવાર લે છે. આજ સુધી ૨૩,૦૦૦થી ૨૫,૦૦૦ જેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો છે. અને આનંદની વાત એ છે કે એમાંનાં ઘણાં આજે પણ સારાં છે. વ્યસનથી દૂર છે. હમણાં જ વરસાદની સીઝન શરૂ થતાં છત્રી લેવા ગઈ હતી... દુકાનમાં પ્રવેશતાં જ દુકાનદાર કાઉન્ટર પરથી ઊભા થઈ બહાર આવી નીચે નમીને પગે લાગ્યા... અને અહોભાવ વ્યક્ત કરી કહેવા લાગ્યા... મેડમ, આજે અહીં છું... જીવતો છું તે તમારા પરિવર્તનના પ્રતાપે જ તો ! અને મારી આંખ સામે ૧૮ વર્ષ પહેલાંની એ બિના નજર સમક્ષ આવી... મુકેશભાઈનાં પત્ની મારી પાસે આવ્યા અને વાત કરી કે, મેડમ મારા પતિ વર્ષોથી દારૂ પીવે છે... શરીર ખલાસ થઈ ગયું.... ઝાડામાં લોહી પડે છે અને ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધા છે. અહીં સિવિલમાં પરાણે દાખલ કરાવ્યા છે. તમારી સંસ્થા વિશે સાંભળ્યું એટલે મળવા આવી... મરણપથારી પર છે. છતાં અહીં પણ દારૂ પીવો છે. મને કંઈ મદદ નહીં કરો ?

એમને સાંત્વન આપી મુકેશભાઈને મળવા એમના વોર્ડમાં ગઈ ત્યાં તેમના બાટલા ચાલુ હતા... મેં તેમને નમસ્તે કર્યા, કહ્યું મુકેશભાઈ, તમને પીવું હશે, તોપણ જીવવું તો પડશે ને ? થોડી વખત દારૂથી દૂર રહેશો તો શરીર બનશે, સ્વસ્થ થશો પછી જે કરવું હોય તે કરજો ને ? એમણે વાત માની... ચાર દિવસ પછી એ ફરતા થયા અને મારી પાસે મળવા આવ્યા. તેમની દર્દનાક કહાની સાંભળી આંખમાં પાણી આવી ગયાં... છેલ્લા ૧૪ વર્ષથી તેઓ કંઈ કામ નથી કરતા, તેમના ઘરમાં તેમનો પુત્ર, પત્ની અને પુત્રી છે. તે લોકો તેમની સાથે બોલતાં કે સંબંધ નથી રાખતાં, મુકેશભાઈ નીચે ઓટલા પર સૂઈ રહે... કોઈ પણ આવી બે ટાઇમ જમવાનું ને ચા આપી જાય... બસ તે પીતા અને પડી રહેતા... જીવવા માટે દારૂ સિવાય કોઈ આકર્ષણ જ ન હતું !

તેમના ઘરવાળાઓને બોલાવી કાઉન્સેલિંગ કર્યું. તેમને ફરી મુકેશભાઈને ઘરમાં લેવા, વ્યક્તિ તરીકે સ્થાન આપવા સમજાવ્યા અને તેમના પ્રયત્નો અભિગમમાં ફેરફાર

લાવવા માર્ગદર્શન આપ્યું. ધીમે ધીમે ૧૦-૧૫ દિવસમાં એમણે રજા લીધી અને ઘરે ગયા. ૧૪ વર્ષે જ્યારે પુત્રે તેમને ઘરમાં સુવડાવ્યા ત્યારે મુકેશભાઈની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી... સમય જતાં સહુ એક સાથે થયાં અને દારૂને દેશવટો આપ્યો. પછી તો ઘણાં સમય સુધી નિયમિત તેઓ પરિવર્તન પર આવતા રહ્યા અને ધીમે ધીમે ફરી તેમના જીવનમાં ગોઠવાઈ ગયા. હવે તો મુકેશભાઈ પણ ધંધામાં મદદે આવ્યા એટલે આર્થિક સધ્ધરતા વધી અને સુખના દિવસો આવ્યા. આટલાં વર્ષે મુકેશભાઈએ જે સંતોષ અને આનંદનાં આંસુ સાથે મને આવકારી તે બાબત જ ઘણું બધું કહી જાય છે...

આવા કંઈ કેટલાયે કિસ્સા પરિવર્તનની આ ૨૨ વર્ષની સેવાયાત્રામાં જોવા મળી શકે... પરિવર્તન પરિવારની ટીમ માટે એ જ તો આનંદ અને સંતોષની મૂડી છે.

આ ઉપરાંત, હવેના માહોલમાં યુવાનો, વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ જુદાં જુદાં અનેક પ્રકારનાં વ્યસનો જેવાં કે, કફસીરપ, વ્હાઈટનર, ફેવીબોન્ડ વગેરે કરતાં થયા છે. તો એ માટે અમે શાળા અને કૉલેજોમાં જાગૃતિ લાવવા ઓડિયો, વિઝ્યુઅલ પ્રોગ્રામ કરીએ છીએ.

ગામડાની પ્રજા સમજી શકે તે રીતે માહિતી તેમના સુધી પહોંચાડવા અને એક વિશિષ્ટ ‘અશુભલગ્ન’નો કાર્યક્રમ કર્યો છે. જેની માહિતી ગુજરાતમિત્રમાં આવેલ. આ પ્રેસનોટ ખૂબ સરસ રીતે કવર કરી છે.

વ્યસન – નશા ઉપર કટાક્ષ કરતી કંકોત્રી

|| યમ દેવાય નમઃ ||

અમંગળ પ્રસંગો

સંવત ૨૦૬૬ના માગશર વદી ને તા. યમ સ્થઆપના તથા કાળ મુહૂર્ત / સમય

કાળું મોઢું સમય

દાહ અશાંતિ સમય

મોત મેળાપ સમય

અરુચી ભોજન સમારંભ સમય

કાળ બનસે કપટી

જમ વગાડશે ચપટી

વ્યસનીને વહેલી તકે

જ્વાલા લેશે લપટી

અશુભ સ્થળ

મદિરાવાડી, ગુટકાશેરી
દારૂ મહોલ્લો
સ્મશાન
શ્રી મદિરાબહેન તમાકુવાલા
શ્રી ગાંજાભાઈ તમાકુવાલા
શ્રી ચરસભાઈ તમાકુવાલા
શ્રી પોટલીબહેન તમાકુવાલા

***

અશ્રવનીકુમાર વિભાગ-૧,
અશ્રવનીકુમાર, સુરત, ફોન : ૪૨૦૪૨૦
|| યમદેવાય નમઃ ||

પરમ સ્નેહી શ્રી.....

સહર્ષ જણાવવાનું કે મા યમદેવની અસીમ કૃપાથી
અફીણબહેન તથા કોકેઈનભાઈના સુપુત્ર
ચિ. ગાંડાભાઈ
ના શુભ લગ્ન
ચિ. દારૂબહેન
(કંકાસબહેન તથા શ્રી મારામારીભાઈનાં સુપુત્રી)
સાથે સંવત ૨૦૬૬ના માગશર વદી ને તા. ના રોજ નિરધાર્યા છે.
તો આપ નવદંપતીને શુભાશિષ આપવા પધારી
શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

લિ. સ્નેહાધિન
શ્રી વિસ્કીભાઈ દારૂવાલા શ્રી બિયરબહેન દારૂવાલા
શ્રી બ્રાન્ડીભાઈ દારૂવાલા શ્રી રમબહેન દારૂવાલા
શ્રી કોકેઈનભાઈ દારૂવાલા શ્રી અફીણ દારૂવાલા
ચિ. પાન – ચિ. ગુટકા
તથા સમસ્ત નશેબાજ પરિવાર

પરિવર્તન વ્યસનમુક્તિ કેન્દ્ર વિશે...

* સમગ્ર ગુજરાત, મુંબઈ, જલગાવ, ધુલીયા, ઇન્દોર, રાજસ્થાનના પેશન્ટ અહીં સારવાર માટે આવે છે.

* વર્ષમાં અંદાજિત ૧૨૦૦થી ૧૫૦૦ દર્દીઓ સારવાર લે છે.

* પરિવર્તન કેન્દ્રમાં સારવાર અને ભોજન ફ્રી અપાય છે.

* શાળાઓ માટે સ્પેશિયલ ઓડિયો વિઝ્યુઅલ પ્રોગ્રામ આપવામાં આવે છે.

* જનજાગૃતિ માટે પપેટ શો, ભવાઈ, અશુભલગ્ન, પોસ્ટર પ્રદર્શન, રોલ પ્લે અને પેમ્પલેટ વિતરણ કરવામાં આવે છે.

આ 'અશુભ લગ્ન' અમે ગામડાંઓમાં તથા રિલાયન્સ, શેલ, એસ્સાહ વગેરે ઇન્ડસ્ટ્રીઝના વર્કરો માટે ખૂબ સરળ અને ઉપયોગી છે.

## માદક દ્રવ્યો – સમાજવિનાશનું પ્રબળ સાધન

પી. કે. વાલેરા

સમાજમાં શાંતિ અને સ્થિરતા રહે તે સમાજના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય પરિસ્થિતિ છે. વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન કે સમાજ કે રાજ્યના વિકાસ અને સમૃદ્ધિ માટે, સમાજજીવન તંદુરસ્ત રહે તે પ્રાથમિક વળ છે. દેશના નાગરિકોની મૂળભૂત જરૂરિયાતોમાં તેનું આરોગ્યમય જીવન બની રહે તે જોવાની રાજ્યની પ્રાથમિક ફરજ છે એટલે રાજ્ય પોતાની રીતે આરોગ્યમય સેવાઓ અને સુવિધાઓ નાણાકીય મર્યાદામાં રહીને પૂરી પાડે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સ્વતંત્ર અને ક્યારેક રાજ્યની નાણાકીય સહાય દ્વારા આવી આરોગ્યવિષયક સુવિધાઓ પૂરી પાડીને વ્યક્તિના શારીરિક અને માનસિક આરોગ્યની જાળવણી, રક્ષણ અને સંવર્ધન કરવામાં ભાગીદાર બને છે. રાજ્ય પોતે, નશાબંધી મંડળો અને આવી પ્રવૃત્તિઓ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નશા અને માદક દ્રવ્યોમાંથી વ્યક્તિને મુક્તિ મળે તે માટે તથા નશા અને માદક દ્રવ્યોથી નાગરિકો દૂર રહે તેની અસર નીચે આવ્યા હોય તો તેને સારવાર દ્વારા મુક્ત કરે તેવી એક માનસિક શારીરિક આરોગ્ય સુધારણાની રાજ્ય આવી નશા અને માદક દ્રવ્યોની પ્રવૃત્તિઓ દ્વારા સમાજના આરોગ્યને કથળાવી અને રાજ્યની અને પ્રજાની શાંતિને ભયભીત કરે છે ત્યારે રાજ્ય પોતે પણ કાનૂની અને કઠોર પગલાં પણ લે છે.

આજે માદકદ્રવ્યોનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ એ માત્ર વ્યક્તિગત શાંતિ સુખ માટે જ નહિ સમગ્ર વિશ્વની શાંતિ અને સુખ માટે ભયંકરતા સર્જી રહ્યું છે, લાખો લોકોના જીવનનો વિનાશ તો કરે જ છે, પરંતુ રાજ્ય-રાષ્ટ્રના આર્થિક તંત્રને પણ તોડી નાંખે છે,

યુદ્ધો સર્જે તેવી પરિસ્થિતિ સર્જે છે, રાષ્ટ્રીય સલામતી અને સંરક્ષણના પ્રશ્નો ઊભા કરે છે તેવા સંજોગોમાં રાષ્ટ્રમાં તમામ કક્ષાએ માદક અને નશો જન્માવે તેવી ખેતીનું ઉત્પાદન અટકાવવું જોઈએ.

માદક દ્રવ્યોની હેરાફેરી કાળા નાણાંનું મોટું સર્જક બળ છે તે આંતરરાષ્ટ્રીય વ્યાપાર દ્વારા ચાલે છે, રાષ્ટ્રીય વિરોધી પરિબળો કામગીરી કરી રહ્યાં છે, આ સંજોગોમાં માદક દ્રવ્યોના બંધાણીને અને વેપારીઓને સમાજમાંથી સુધારક પરિબળો કે કાનૂની રીતે દૂર કરવાં અનિવાર્ય છે કે જેથી રાષ્ટ્રીય સલામતી જળવાય, સમાજમાં શાંતિ સ્થપાય અને વ્યક્તિ એના કૌટુંબિક જીવનને સમૃદ્ધ અને સ્થિર બતાવે જેથી સમાજ અને રાષ્ટ્ર સુખી અને શાંતિમય રીતે વિકાસની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે.

## સારું જીવન જીવવા માટેનો પ્રથમ દરવાજો એટલે વ્યસનમુક્ત જીવન

ગણપતભાઈ પંડ્યા

શ્રેષ્ઠ જીવન તે છે જે વ્યસનથી મુક્ત છે. જીવનની પવિત્ર ચાદર પર વ્યસનના કાળા દાગ જ્યારે દેખાય છે ત્યારે એ શરમાય છે. નિર્વ્યસન જીવન જીવવા માટે વ્યસનોનો ત્યાગ આવશ્યક છે. વ્યસન છોડવાથી જ વ્યક્તિ સુખપૂર્વક જીવી શકે. વ્યસનમુક્ત જીવન જ સાત્ત્વિક જીવન છે. દોસ્તો... વ્યસનોનું આ વિષવૃક્ષ જે જીવનભૂમિ ઉપર ઊગે છે તેમાં સદાચારનાં ફૂલ ખીલી નથી શકતાં. માનવીમાં જેમ જેમ વ્યસનોની વૃદ્ધિ થાય છે, તેમ તેમ એનામાં સાત્ત્વિકતા નષ્ટ પામતી જાય છે. અતિવ્યસન સાચા અર્થમાં વ્યસનોને નષ્ટ કરી દે છે. વૈદિક ગ્રંથોમાં વ્યસનોની સંખ્યા ૧૮ બતાવી છે : (૧) શિકાર (૨) જુગાર (૩) દિવસે શયન (૪) પરનિંદા (૫) પરસ્ત્રીસેવન (૬) મદ (૭) નૃત્યસભા (૮) ગીતસભા (૯) વાદ્યની મહેફિલ (૧૦) વ્યર્થ ભટકવું. બીજાં આઠમાં (૧) ચાડી ખાવી (૨) વધારે પડતું સાહસ કરવું (૩) દ્રોહ કરવો (૪) ઈર્ષ્યા (૫) અસૂયા (૬) અર્થદોષ (૭) વાણીથી દંડ (૮) કઠોર વચન.

જોકે હાલ કેટલાક ધર્મોએ વ્યસનના મુખ્ય ૭ ભેદ બતાવ્યા છે. બીજા બધા આ ૭ વ્યસનોમાં સમાઈ જાય છે : (૧) જુગાર (૨) માંસાહાર (૩) મદિરાપાન (૪) વેશ્યાગમન (૫) શિકાર (૬) ચોરી (૭) પરસ્ત્રીગમન.

(૧) જુગાર :

જોકે આધુનિક યુગમાં અશ્લીલ ચલચિત્રો-કામો તેમ જ ચલચિત્રો-જાસૂસી સાહિત્ય, બીડી, સિગારેટ વગેરે વ્યસનો પણ હાનિપ્રદ છે. દુ:વ્યસન જીવનની મહાન પ્રતિષ્ઠાને

ધૂળધાણી કરી દે છે. આથી વ્યસનોની બાબતમાં સતત જાગ્રત રહેવાની જરૂર છે. જુગાર વગર મહેનતે વિરાટ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જુગાર છે. જે માનવનું હીર હરી લે છે. જુગારને બધા જ નિંદ્ય ગણે છે. જીવનને બરબાદ કરનાર આ દુર્ગુણ છે. જુગાર લોભનું સંતાન છે અને ઉદારપણું એ એનાં માબાપ છે. જુગારમાં આસક્ત વ્યક્તિ ધનનો નાશ કરે છે. જુગારીનું ચિત્ત કદી શાંત હોતું નથી. જુગારી અન્ય વ્યસનોનો પણ ભોગી બને છે. જૈન ધર્મના મતાનુસાર

(૨) જુગારની જેમ માંસાહાર પણ એક વ્યસન છે. માનવપ્રકૃતિથી સર્વથા વિરુદ્ધ છે. જે માંસાહારનું અનુમોદન કરે છે, મૃત પશુઓનાં અંગોનું છેદનભેદન કરે છે, મારનાર, માંસ ખરીદનાર, વેચનાર, માંસ રાંધનાર અને પીરસનાર અને ખાનાર આ બધા ઘાતક છે. (આચાર્ય મનુ, મનુસ્મૃતિ આપ) માંસાહાર અપવિત્ર છે. જે લોકો માંસ ખાય છે, તેઓ પણ મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા, મંદિર કે અન્ય ધાર્મિક પવિત્ર સ્થળોએ માંસ નથી ખાતા – એટલું જ નહીં ત્યાં માંસ લાવવું એ પણ અપરાધ ગણાય છે. દોસ્તો... માંસ અને શરાબના સેવનથી માણસના સ્નાયુ એટલા બધા નિર્બળ થઈ જાય છે કે તે જીવનથી નિરાશ થઈને આત્મહત્યા કરવા તત્પર થઈ જાય છે. માંસાહાર ઘોર તામસિક આહાર છે. જે જીવનમાં અનેક વિકૃતિઓ પેદા કરે છે.

(૩) મદ્યપાન : મદિરા એક પ્રકારનો નશો લાવે છે. આથી ભાંગ, ગાંજો, ચરસ, અફીણ, ચિરૂટ, સિગારેટ, તમાકુ, તાડી, વિસ્કી, બ્રાન્ડી, શેમ્પેઇન જીન, રમ, પોર્ટ, બિયર દેશી કે વિદેશી મદ્ય છે. તે બધાં મદિરાપાનમાં જ ગણાય છે. શરાબનો શોખ, વીજળીનો શોક છે. મદિરાનો પ્રથમ ઘૂંટ માનવને મૂર્ખ બનાવે છે. ત્રીજો ઘૂંટ લેતાં તો તે દાનવ જેવાં કાર્યો કરવા લાગે છે. અને ચોથા ઘૂંટે તો પડદાની જેમ જમીન પર આળોટવા મંડી જાય છે. મદિરાપાનમાંથી ક્ષણિક ઉત્તેજના થાય છે. પણ જેવો નશો ઊતરવા માંડે કે એનાં સમસ્ત ગાત્રો શિથિલ થઈ જાય છે. મદિરાના અનેક દોષો છે. એનું સર્વસ્વ નષ્ટ થઈ જાય છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ પણ આ મદિરાપાનને ચોરી અને વેશ્યાવૃત્તિથી પણ અધિક નિંદનીય માન્યાં છે. ટૂંકમાં મદિરાપાન એક ભયંકર દુર્વ્યસન છે. મદિરાપાન મહાન પાપ છે. મહાન દુર્ગુણ છે. મદિરાપાનથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, ક્ષમા આદિ સર્વ ગુણોનો નાશ થાય છે.

(૪) વેશ્યાગમન : વેશ્યાગમન પણ સર્વથા અનુચિત છે. એ એવું દુર્વ્યસન છે જે જીવનને કુપથ તરફ ખેંચી જાય છે. વેશ્યા કામાગ્નિની જ્વાળા છે, જે હંમેશાં રૂપઇંધણથી સુસજ્જિત રહે છે. જે સર્વના યૌવનધન આદિને ભસ્મ કરી નાખે છે. વેશ્યા એક

પ્રજ્વલિત દીપશાખા છે. તે સમાજનો કોઢ છે. માનવતાનો અભિશાપ છે. સમાજના મસ્તક પર કલંકનું એક ટીલું છે. સમસ્ત નારીજાતનું લાંછન છે. વેશ્યા પાસે સ્નેહની અપેક્ષા રાખવી તે રેતીમાંથી તેલ કાઢવા સમાન છે.

(૫) શિકાર : શિકાર માણસના જંગલીપણાની નિશાની છે. શિકાર માનવીની ક્રૂરતા અને અજ્ઞાનતાની નિશાની છે. શિકાર કરવો એ વીરતાનું નહીં પરંતુ કાયરતા અને ક્રૂરતાનું દ્યોતક છે. ભલાં નિર્દોષ પશુઓ સાથે ક્રૂરતાભર્યો વ્યવહાર કરવો એ માનવતા નહીં પણ દાનવતા છે. શિકારી પાસે ધર્મ નથી. શિકારમાં આનંદ ક્યાંથી હોય ! ઘણી વખત શિકારીનું પોતાનું જીવન ભયંકર આફતોથી ઘેરાઈ જાય છે. ટૂંકમાં, શિકાર ભયંકર પાપનું કારણ છે.

(૬) ચોરી : ચોરી પણ એક વ્યસન છે. ચોરીનું ધન કાચા પારાને ખાવા બરાબર છે. ચોરી કરનારનું આત્મસન્માન નષ્ટ થઈ જાય છે. વૈદિક ધર્મમાં પણ ચોરીનો સ્પષ્ટ નિષેધ છે. ભગવાન ઈસુએ પણ ચોરી ન કરવી જોઈએ તેમ જણાવેલ છે. ચોરીનું મૂળ કેન્દ્ર લોભ છે. ચોરી કરવી એ એક પ્રકારનો સામાજિક અપરાધ છે. બીજાના ધન પર અધિકાર જમાવવો એ ચોરી છે. વસ્તુમાં ભેળસેળ કરવી, સારી વસ્તુ બતાવી ઊતરતી વસ્તુ દેવી, ભાગ પાડતી વખતે પક્ષપાત કરવો – આ બધી ક્રિયાઓ ચોરી જ કહેવાય. ચોરી એક એવો દુર્ગુણ છે, જેથી માનવમાંથી દયા, અહિંસા, ક્ષમા, સત્ત્વ આદિ સદ્‌ગુણો નષ્ટ પામે છે. ચોરીમાં બાહ્ય કારણો ગમે તે હોય છતાં ચોરી જેવું હીન કાર્ય નહીં કરવું.

(૭) પરસ્ત્રીસેવન : પરસ્ત્રીનો અર્થ છે પોતાની ધર્મપત્ની સિવાયની સ્ત્રી કે કન્યા આ બધી સ્ત્રીઓ પરસ્ત્રીઓ છે. એમની સાથે ઉપભોગ કરવો અથવા વાસનાની દૃષ્ટિથી જોવું, ઇચ્છા વિરુદ્ધ કાર્યો કરવાં તે બળાત્કાર છે. અને એની ઇચ્છાથી કરવું તે પરસ્ત્રીસેવન છે. આ પરસ્ત્રી સેવન એ અવૈધ પાપાચાર છે. આવો પુરુષ વિવેકશૂન્ય છે. પોતે પોતાના આત્માનું હનન કરે છે. આ સાતે વ્યસન કેવળ પુરુષજાતિ માટે જ નહીં પણ નારીજાતિ માટે પણ છે. સૌએ આ વ્યસનોથી મુક્ત થવું જોઈએ... અને એ જ સાચી રીતે જીવવાનો રાજમાર્ગ છે.

દોસ્તો... સાધનના મહેલમાં પ્રવેશ કરવાનો પ્રથમ દરવાજો વ્યસનમુક્ત જીવન છે. વ્યસનથી મુક્ત થતાં જીવનમાં આનંદનો સાગર હિલોળા લે છે. ટૂંકમાં, વ્યસનમુક્ત જીવન બધી દૃષ્ટિએ ઉપયોગી અને ઉપયુક્ત છે.

મનુષ્ય પ્રાણી જગતનું અતિ સંવેદનશીલ પ્રાણી છે. એનામાં ચિંતન-મનન-વિવેક અને નિર્ણય કરવાની બુદ્ધિ છે. મોટા ભાગના શાકાહારી પુરુષો હોય છે. જે ખોરાક સાત્ત્વિક

પ્રકૃતિનો આહાર છે. શાકાહારની ઉલ્કામાં માનવતાનો માર્ગ પાડી લેવામાં જ જીવનની સાર્થકતા છે.

દોસ્તો... જીવનની સ્વચ્છતા અને નીરોગિતાનો આધાર ઉચિત આહાર છે. ઉચિત આહાર કરનારને ઔષધિની જરૂર નથી પડતી. દઢ મનોબળથી અહિંસા પાલનનો દઢ સંકલ્પ કરો. ધૂમ્રપાનથી દૂર રહો. દોસ્તો... માનવજીવનની સફળતાનું રહસ્ય સમયના સદુપયોગમાં છે. સમય મનુષ્યની અમૂલ્ય નિધિ છે. જે સમયનો સદુપયોગ વિચારપૂર્વક કરે છે તે સિદ્ધિને વરે છે. કોઈકે કહ્યું છે કે તમાકુની લતને છોડો, સાચા સુખથી નાતો જોડો... એ છે સાચું જીવન જીવવાનો રાજમાર્ગ. દોસ્તો... માર્ગઅકસ્માતને કારણે રોજ જેટલા લોકો મરે છે, તેના કરતાં વીસગણા લોકો વ્યસનથી મરે છે. એક સિગારેટ પીવાથી પાંચ મિનિટની આવરદા ઘટે છે. માટે દઢતાથી વ્યસનો છોડો... વ્યસનમુક્ત જીવન જીવો. જીવન જીવવાનો આ જ સાચો રાજમાર્ગ છે. દોસ્તો, મદ્યપાન એ પાપ અને અનાચાર છે. જગતના બધા ધર્મોએ મદિરાનો નિષેધ કર્યો છે. ટૂંકમાં, મદિરાની વિનાશકારી અને પતનકારી લીલાનો કોઈ પાર નથી. તે માનવતા, જ્ઞાન, સંયમ, સત્ય, શુદ્ધિ, દયા, ક્ષમા આદિ ઉત્તમ ગુણોનો નાશ કરે છે. વ્યસનીઓનું હૃદયપરિવર્તન કરવું મંદિરાત્યાગના ઉપક્રમનું પ્રથમ પગથિયું છે.

દોસ્તો... જે દેશનું યૌવન શરાબી હોય એનું ભવિષ્ય કેવી રીતે ઉજ્જ્વળ હોઈ શકે ? યુવાવર્ગ દેશનો કર્ણધાર છે. તે ભવિષ્યની આશા છે... જો આજનું યૌવન... વ્યસનમુક્ત જીવન જીવતું થાય, તો એ પરિવાર... એ સમાજ સાચા અર્થમાં વૃંદાવન સમું બને.

દોસ્તો... આપણે જાણીએ છીએ કે "મદિરાપાન અનેક રોગોનો બાપ છે. મદિરાપાનની પ્રવૃત્તિ પણ એક રોગ છે. મહારોગ છે... છતાં દારૂડિયા તરફ ઘૃણા ન કરતાં સદ્‌ભાવપૂર્વક સહાનુભૂતિ રાખો. આ એક સામાજિક ધર્મ છે. મદિરા વિરોધી લોકશિક્ષણની જ્યોતિ જગાડો (પ્રગટાવો). વ્યસનના માનસપરિવર્તનનું કાર્ય ઉપાડતા રહો. વ્યસનીઓનું ધ્યાન, મદ્યપાનના દુષ્ટ પરિણામો પર કેન્દ્રિત કરવાની પ્રક્રિયા રામબાણ ઇલાજ સાબિત થશે. પૂર્ણનિષ્ઠાથી આ દિશામાં પ્રવૃત્તિ કરીશું તો અનેક સંતપ્ત જનો સુખના સંસાર તરફ પાછા વળશે. અંતે 'વ્યસન છોડો... જીવન બદલો...' સાથે સાથે વ્યસનમુક્ત જીવન જીવવાનો સાચો રાજમાર્ગ બની રહે. એ વ્યસનની બરબાદીમાંથી બચી જાય. અને પોતાના હરિયાળા કુટુંબને પુનઃ નવપલ્લવિત કરવામાં સહયોગ આપતા થાઓ એ જ પ્રાર્થના.

નશાબંધી મંડળ, ગુજરાત : અનોખી લોકસંસ્થા

સર્વોદયનું સપનું ગાંધીચેતનાની ચિનગારી :

સ્વરાજ મળે પણ પ્રજાનો સર્વાંગી વિકાસ ન થાય તો એ સ્વરાજ અધૂરું ગણાય. સમાજના છેલ્લા માનવી સુધી સ્વરાજની સુવાસ પહોંચે, દેશના તમામ નાગરિકો સુખ-શાંતિ અને સલામતીભર્યું આદર્શ જીવન સ્વમાનપૂર્વક જીવી શકે એ સર્વોદયની મૂળભૂત સંકલ્પના છે. નશાબંધીનો આદર્શ સમાજ અને વ્યક્તિને મૂઠી ઊંચેરી જિંદગી તરફ અગ્રેસર કરે છે. નશાબંધી એ સામાજિક ઉત્કર્ષનો કાર્યક્રમ હોઈ પ્રજાના સહયોગથી જ સફળ થઈ શકે. એકલી સરકાર આ સમાજલક્ષી કાર્યક્રમનું સંપૂર્ણ અમલીકરણ ક્યારેય ન કરી શકે. યુગોથી ઘર કરી ગયેલી બદી દૂર કરવા માટે દૃઢ સંકલ્પ સાથે આગળ વધવું પડે.

ગાંધીચેતનાની મશાલ લઈને નીકળેલા આપણા ખમતીધર રચનાત્મક કાર્યકર અને લોકનેતા રતુભાઈ અદાણી મુંબઈ રાજ્યના નશાબંધી ખાતાના મંત્રી હતા ત્યારે એમને બિનસરકારી ધોરણે નશાબંધી મંડળની રચના કરવાનો પવિત્ર વિચાર સ્ફુર્યો. એમણે આ વિચાર સમાજ અને જાહેરજીવનના વરિષ્ઠ પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કર્યો અને આ પાયાની લોકકલ્યાણકારી પ્રવૃત્તિ અંગેની યોજના માટે સૌનો સહકાર માગ્યો. એમના સંકલ્પને ધાર્યું સમર્થન સાંપડતાં પૂ. કેદારનાથજીની અધ્યક્ષતા હેઠળ નશાબંધી મંડળની સ્થાપના થઈ. મંડળના ઉપપ્રમુખપદે તે વખતની મુંબઈ વિધાનસભાના અધ્યક્ષ ડૉ. સયાજીરાવ સીલમ નિમાયા અને માનદ મંત્રીઓ તરીકે દ. ફ. ગોસોવીજી, મિનોચેર ઝાંઈવાલા ઉપરાંત ગુજરાતમાંથી મનુભાઈ પટેલની પસંદગી થઈ.

મુંબઈ રાજ્યનું વિભાજન થતાં તા. ૧ મે, ૧૯૬૦ના દિવસે ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. એની સાથે જ નશાબંધી મંડળનું પણ વિભાજન થયું. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ ૬૨ અગ્રણીઓ એના સ્થાપક સભ્યો બન્યા. અન્ય ૧૯ માનાર્હ સભ્યો પણ લેવાયા. પ્રથમ પ્રમુખ તરીકે સર્વાનુમતે જુગતરામ દવેની વરણી થઈ. મુંબઈ રાજ્યના મૂળ નશાબંધીમંડળના મુખપત્ર ‘કલ્યાણયાત્રા’નું પણ વિભાજન થયું. એની ગુજરાતી આવૃત્તિના સંપાદકો તરીકે મનુભાઈ પટેલ અને જયમલ્લ પરમાર નિમાયા.

સને ૧૮૬૦ના સોસાયટી રજિસ્ટ્રેશન કાયદા અને ટ્રસ્ટ ઍક્ટ નીચે મંડળની નોંધણી કરાઈ તથા એનું મધ્યસ્થ કાર્યાલય અમદાવાદ ખાતે રાખવાનું નક્કી થયું.

પરિસ્થિતિ અને પડકાર

ગાંધીના ગુજરાતને દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં એક નવી ઓળખ આપવાના માંગલિક ઉદ્દેશ સાથે નશાબંધી મંડળનો શુભારંભ થયો હતો ત્યારે એની

સાથે સંકળાયેલા સમર્પિત રચનાત્મક કાર્યકરોને જે કઠોર અને વરવા વાસ્તવ સાથે કામ પાડવાનું હતું એનો પૂરેપૂરો ખ્યાલ હતો. રાજ્યની પશ્ચિમ સરહદે ૧૬૦૦ કિ.મી. લાંબી દરિયાઈ પટ્ટી ઉપરાંત પાકિસ્તાનને અડીને આવેલા કચ્છ અને બનાસકાંઠા જિલ્લા છે. બીજી તરફ ત્રણ પાડોશી રાજ્યો – રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની હદ લાગે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં દારૂની બદી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. બનાસકાંઠામાં અફીણનું વ્યસન લોકજીવનની પરંપરાસમું બની ગયેલ છે. અન્ય રાજ્યોની સરહદે આવેલા જિલ્લાઓમાં દારૂ અને કેફી પદાર્થોની હેરાફેરીનો ગેરકાયદેસર ધંધો ફાલ્યોફૂલ્યો છે. પાકિસ્તાનમાંથી કચ્છ અને બનાસકાંઠાની સરહદ મારફત તેમ જ રણપ્રદેશની એકલતાનો ગેરલાભ લઈ નશીલા પદાર્થોની દાણચોરી ચાલતી રહે છે. આવું જ જામનગર અને કચ્છને અડીને આવેલા દરિયાઈ માર્ગે પણ ચાલે છે. વળી જે જિલ્લાઓમાં વનવિસ્તાર પથરાયેલો છે ત્યાં મહુડામાંથી દારૂ અને અન્યત્ર ખજૂરી, તાડ તથા નાળિયેરીમાંથી તાડી બનાવવાનો પરંપરાગત ધંધો ચાલતો રહે છે. ક્યાંક વળી કોલનવૉટરનો દુરુપયોગ થતો જોવા મળે છે તો સાબરમતી અને મહી જેવી નદીનાં કોતરોમાં ગોળની રસી અને અનાજ સડાવી એનો દેશી દારૂ બનાવતી ભઠ્ઠીઓ ચાલતી રહે છે. રાજ્યના પાટનગર નજીક જ આ બદી મોટા પાયા પર ચાલ્યા કરે છે, જેનો ખુદ રાજ્યનું પોલીસખાતું સ્વીકાર કરે છે. સ્પિરિટ, ટીંચર, ફ્રેન્ચ પોલિશ અને ઉધરસ માટેની ફેન્સીડીલ જેવી દવાઓ સુધ્ધાં નશાખોરો માટે એમની તલપ શમાવવાનાં સ્રોત બની રહ્યાં છે. કેટલીક શિડ્યૂલ-ઍચ હેઠળ આવરી લેવાયેલી ઘેનની દવાઓનો પણ ભરપૂર દુરુપયોગ થયા કરે છે. આવા 'ભારે' નશા સામે તમાકુની બનાવટોનો થતો ઉપયોગ પણ સતત વધતો જાય છે. છેલ્લે કેટલાંક વરસથી 'ગુટકા'ની બોલબાલા વધી છે. એની સામે વ્યાપક લોકજાગૃતિ આણવાના તમામ પ્રયાસો સદંતર નિષ્ફળતાને વર્યા છે. ખરે જ, નશાબંધીનો અમલ કરાવવો એ નાનીના ખેલ નથી.

### નશાબંધી અંગેની શાસનવ્યવસ્થા

આવી વિકટ પરિસ્થિતિ અને પડકારો વચ્ચે ગુજરાત રાજ્યનું નશાબંધી ખાતું એનાથી બનતા પ્રયાસો કરતું રહે છે. કાયદા મુજબ લદાયેલાં નિયંત્રણોનો અમલ થાય એની તકેદારી પણ રચાય છે. સરકાર એની નશાબંધીની નીતિ વિશે સમયાંતરે સમીક્ષા પણ કરતી રહે છે. એ માટે નશાબંધી બોર્ડ પણ અવારનવાર ભલામણો કરતું રહે છે. ગૃહખાતા સાથે પણ નશાબંધી વિષયક કો-ઑર્ડિનેશન કમિટી સંપર્ક જાળવે છે. નશાબંધી ખાતાના મંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળ આ બાબતની ચર્ચાવિચારણા માટેની

બેઠકો પણ મળે છે. જિલ્લા કક્ષાએ પણ નશાબંધી પેટા સમિતિઓ કાર્યરત રહે છે. નશાબંધી મંડળ આ તમામ સ્તરે એની કામગીરી નિષ્ઠાપૂર્વક બજાવતું રહ્યું છે.

## નીતિ અને રીતિ

રાજ્યસરકારની નશાબંધી અંગેની કામગીરી સાથે જોતરાતી વેળાએ મંડળે એના મુખપત્ર 'કલ્યાણયાત્રા'માં સર્વોદયની ભાવનાનું અનુશીલન કરવાની જાહેરાત કરી હતી. એ મુજબ નશાબંધી મંડળનો કાર્યકર દારૂની બદીનો નાશ કરવા કે દારૂ છોડાવવા કોઈ પણ પ્રકારની ધાકધમકીનો આશ્રય નહીં લે, પણ શાંતિપૂર્ણ અહિંસક સાધનોનો ઉપયોગ કરશે. લોકસંપર્ક મારફત લોકોનો પ્રેમ અને વિશ્વાસ કેળવવો, નશાબંધીના કાર્યક્રમમાં શ્રદ્ધા જગવવી, નૈતિક તાકાતનો પરિચય કરાવવો, લોકમત જાગ્રત કરવો અને લોકશક્તિ દ્વારા જ દારૂની બદી નાબૂદ કરી એ જ સાધનો વડે પ્રજાની આર્થિક, સામાજિક અને નૈતિક ઉન્નતિ સાધવી. સરકાર અને સમાજની શક્તિનો સમન્વય સાધી રાજ્યના તમામ જિલ્લાઓમાં નશાબંધી પ્રવૃત્તિનું નિયોજન કરવાના સંકલ્પ સાથે નશાબંધી મંડળ શરૂથી જ કાર્યરત રહ્યું છે.

## સામાજિક સંસ્થાઓનો સહયોગ : 'સાથી હાથ બઢાના'

મંડળ ગુજરાતની પ્રમુખ રચનાત્મક સંસ્થાઓ સાથે સંકલન સાધીને નશાબંધી અંગેની નાનીમોટી પ્રવૃત્તિઓ ચલાવે છે. જિલ્લાકક્ષાએ રચનાત્મક કાર્યો કરતી સંસ્થાઓને એ નિયત કામગીરી સોંપે છે અને એ પેટે નક્કી કરાયેલી આર્થિક સહાયની રકમ ચૂકવે છે. કેટલીક સંસ્થાઓ પોતાના તરફથી ૧૦ ટકા સુધીની રકમ ઉમેરી એ કામગીરી પાર પાડે છે. જિલ્લા નશાબંધી નિયોજકો નીમી આ કાર્યક્રમને વેગવંતો અને પરિણામલક્ષી બનાવે છે.

## જિલ્લા નશાબંધી નિયોજકો

રચનાત્મક સંસ્થાઓ અથવા નશાબંધી મંડળ દ્વારા દરેક જિલ્લા દીઠ એક કે જરૂર પડ્યે વધુ નશાબંધી નિયોજકો નીમવામાં આવે છે. આવા નિયોજકો સામાન્ય રીતે તાલીમ પામેલા કાર્યકરો જ હોય છે. એ સર્વોદય વિચારસરણીમાં શ્રદ્ધા ધરાવતા હોઈ સમજાવટ દ્વારા નશાબંધીના કાર્યક્રમનું અમલીકરણ કરાવે છે. નશાબંધી નિયોજકનાં મુખ્ય બે કર્તવ્ય રહે છે : (૧) સામાજિક અને સરકારી પરિબળોનું સંકલન અને નિયોજન – વિસ્તારની જાણીતી સમાજસેવી સંસ્થાઓ, અગ્રણી કાર્યકરો, પ્રજાસમૂહો અને સાત્ત્વિક પ્રભાવ ધરાવતા સાધુ-સંતો, ધાર્મિક આગેવાનો તેમજ પ્રતિષ્ઠાનોનું સંકલન કરી

એમને સરકારી એકમો – જેવાં કે નશાબંધી ખાતું, ગ્રામવિકાસ ખાતું, સામાજિક ન્યાય અને અધિકારિતા ખાતું, શ્રમ અને રોજગાર ખાતું, માહિતી ખાતું, શિક્ષણ ખાતું, સહકાર અને કૃષિ તથા પશુપાલનખાતું વગેરે સાથે જોતરીને નશાબંધીની કામગીરી આગળ ધપાવવાની રહે છે. (૨) સીધા લોકસંપર્ક દ્વારા નશાની આદતવાળા લોકો અને અસરગ્રસ્ત કુટુંબોનો વિશ્વાસ સંપાદન કરી નશો છોડાવવા માટેના પ્રયાસો કરવાના રહે છે.

આ બે મુખ્ય હેતુઓ પાર પાડવા માટે સંમેલનો, સમારંભ, મેળાવડા, સભાઓ, જૂથસભા, ગ્રામસભા, પરિસંવાદો, શિબિરો, સ્પર્ધાઓ વગેરે દ્વારા નશાબંધી અંગે લોકમત કેળવવો અને નશાબંધીનું સાત્ત્વિક વાતાવરણ ઊભું કરી પરિણામલક્ષી કાર્યક્રમો આપવાની ફરજ બજાવવાની રહે છે. જાગ્રત લોકશક્તિને સામાજિક ઉત્થાનના કાર્યમાં પ્રયોજી માદક પદાર્થો તરફ વળેલા લોકોને અને એનો ધંધો કરી પેટિયું રળતાં અનિષ્ટ તત્ત્વોને સુધારવાનું કામ ઘણી ધીરજ અને કુનેહ માગી લે છે. લોકશક્તિ જાગે છે ત્યારે અનિષ્ટ પરિબળો ભાગે છે. એકલી સરકારથી આ કામ થઈ શકે જ નહીં, બલકે ક્યારેક તો સરકારી કર્મચારીઓ પોતે જ આવી બદીથી ઘેરાયેલા હોય ત્યારે નશાબંધી નિયોજકે એનું આત્મબળ દાખવી એમને ખુલ્લા પાડવાની અને કાયદાનો અમલ કરાવવાની કપરી જવાબદારી અદા કરવી પડતી હોય છે.

નશાબંધી મંડળ આવી વિષમ પરિસ્થિતિમાં નશાબંધી નિયોજકોને તમામ પ્રકારની સહાય અને હૂંફ તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. તે સરકારનું પણ ધ્યાન દોરે છે અને ઊભી થયેલી ગૂંચ કે મુશ્કેલી હલ કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન સાધી પ્રશ્નોનું સમાધાન શોધે છે.

### ગ્રામપંચાયત, ગ્રામસભા અને તાલુકા પંચાયત

રાજ્ય સરકાર તરફથી દરેક ગ્રામપંચાયતને એની નશાબંધી સમિતિ રચવાની ભલામણ કરાતી હોય છે. નશાબંધી મંડળ પણ આવી સમિતિઓ રચાય તે દિશામાં સક્રિય રહેતું આવ્યું છે. નશાબંધી નિયોજકો ગ્રામપંચાયતના સભ્યોને મળી ગામને નશામુક્ત કરવાની પ્રેરણા આપે છે. પંચાયતમાં નશાબંધી સમિતિ ન હોય તો તેની રચના કરાવે છે. ગ્રામસભા બોલાવી સરપંચ, ગ્રામપંચાયતના સભ્યો, ધાર્મિક અને સામાજિક આગેવાનો તથા શિક્ષકો, ડૉક્ટરો વગેરેના માધ્યમથી નશાનાં દૂષણો વિશે જાગૃતિ ફેલાવે છે. ગામલોકોનું નૈતિક સ્તર ઊંચું આવે તે રીતે સભાનું સંચાલન કરે છે. દારૂની બદી ફેલાવી એનો ગેરલાભ લેતાં અનિષ્ટોનો સામનો કરવા હાકલ કરે છે. જ્યારે

ગામ સમસ્ત એકી અવાજે બોલતું થઈ જાય ત્યારે સ્વાભાવિક રીતે જ અનિષ્ટ પરિબળોના પગ નીચેથી ધરતી ખસવા લાગે છે. ગામલોકો નિર્ભય બનીને એમનો પ્રતિકાર કરવા કટિબદ્ધ થાય છે અને પેલા માથાભારે માણસો કાં તો ગામ છોડી દઈ ધંધા માટે બીજી કોઈ 'સલામત' જગ્યા શોધી લે છે અથવા 'સુધરી' જાય છે. ભાન ભૂલેલા ભાંડુ સાચા રસ્તે વળવા માગતા હશે તો ગામ એમને ભરી સભામાં ફૂલહાર પહેરાવી આવકારશે. એનો જશ પેલા નશાબંધી નિયોજકને મળશે. આમ ગ્રામસભામાં બધાંની હાજરીમાં પોતાની દારૂની લત છોડવા તૈયાર થનાર લોકલાજથી ફરી ક્યારેય એ દિશા તરફ નહીં વળે અને એક રળિયામણું 'કલ્યાણગ્રામ' રચાઈ જશે. સુધરેલું ગામ નજીકનાં 'બગડેલાં' ગામો માટે પારસમણિનું કામ કરશે. પરિણામે આખો પંથક નશામુક્ત થશે અને સરવાળે તન-મન-ધનથી સમૃદ્ધ બનશે. નશાબંધી નિયોજક જેવો એક અદનો ભેખધારી કાર્યકર આખા વિસ્તારમાં ગાંધીબાપુના સંદેશવાહક તરીકે બલકે દેવદૂત તરીકે પૂજાઈ શકે !

તાલુકા અને જિલ્લામાં સરકારી રાહે અને સામાજિક સંદર્ભે આયોજિત કરાતાં સંમેલનોમાં પણ નશાબંધી મંડળ ભાગ લે છે. સરપંચોનાં સંમેલનો, સહકારી સંમેલનો, શિક્ષણ અંગેની તાલીમ શિબિરો કે સંમેલનો, ગ્રામસેવકો અને તલાટી-કમમંત્રીઓની બેઠકો, ખેડૂતસભાઓ, બચતયોજનાની સભાઓ ઉપરાંત ગામદીઠ ઉજવાતા ઉત્સવો, મેળાઓ વગેરે પ્રસંગોએ પહોંચી જઈ નશાબંધી નિયોજક મંડળની પ્રવૃત્તિઓનો પ્રચાર કરે છે અને નશાબંધીનો કલ્યાણકારી પયગામ પહોંચાડે છે.

### નશાબંધી શિબિરો

નશાબંધી મંડળ તરફથી દર વર્ષે દરેક જિલ્લામાં નશાબંધી ખાતું, સમાહર્તા કાર્યાલય, વિકાસ ઘટકો, શિક્ષણ ખાતું તેમ જ અન્ય લાગતાવળગતા સરકારી વિભાગો, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મજૂરકલ્યાણ કેન્દ્રો, સમાજકલ્યાણ બોર્ડ, ખાદી-ગ્રામોદ્યોગ સંસ્થાઓ તથા સર્વોદય યોજનાઓ વગેરેના સહયોગથી જિલ્લા નશાબંધી શિબિર યોજાય છે. બે-ત્રણ દિવસની આ શિબિરમાં ગ્રામપંચાયતો, સહકારી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત આગેવાનો, અધિકારીઓ સહિત નશાબંધીને વરેલી વ્યક્તિઓ રસપૂર્વક ભાગ લેતી હોય છે. સો-સવાસોથી લઈ પાંચસો-સાતસો જેટલી સંખ્યામાં યોજાતી આવી શિબિરમાં નશાબંધી બાબતે ઝીણવટભરી સમીક્ષા થાય છે. વિચારોની આપલે થાય છે અને નવી યોજનાઓ આકાર પામે છે. નક્કર પરિણામો મેળવવા માટે

અત્યાર લગી રહી ગયેલી ત્રુટિઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય એવા સંકલ્પ સાથે અધિકારીઓ અને તજ્જ્ઞોના માર્ગદર્શન સાથે શિબિરની પૂર્ણાહુતિ થાય છે. તાલુકા અને જિલ્લા શિબિરોને પરિણામે એક સાનુકૂળ આબોહવા ઊભી થાય છે. વિશેષપણે એથી નવી પેઢીને નશાથી થનાર નુકસાન વિશે જરૂરી માહિતી સાંપડે છે.

રાજ્યકક્ષાની શિબિર અને સંમેલન

ગ્રામસ્તરથી શરૂ કરી નશાબંધી મંડળ સમાજ અને સરકારના સહકારથી તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની શિબિરો અને સંમેલનોનું આયોજન કરે છે. રાજ્યકક્ષાના આવા કાર્યક્રમોમાં તળ ગ્રામવિસ્તારથી લઈ મંત્રી અને સચિવસ્તરના અગ્રણીઓ ભાગ લે છે. ત્રણેક દિવસ સુધી ચાલતી આવી પરિષદોમાં પ્રમુખ સમાજસેવી સંસ્થાઓનો સહયોગ અને સ્પોન્સરશિપ મળી રહે છે. વરિષ્ઠ કેળવણીકારો, સાહિત્યકારો, તબીબો અને પ્રતિષ્ઠિત વક્તાઓનું માર્ગદર્શન મળે છે. કવિસંમેલનો, મુશાયરા અને પ્રદર્શન તથા શેરીનાટકોનું આયોજન કરાય છે. આવા પરિસંવાદની ફળશ્રુતી ચર્ચાને અંતે ઠરાવ સ્વરૂપે રજૂ થાય છે જે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવે છે.

શહેરી વિસ્તારોમાં નશાબંધી પ્રવૃત્તિ

ગ્રામ્ય વિસ્તારો કરતાં શહેરોમાં દારૂબંધીના કામ સાથે જોડાયેલા કાર્યકરો વિશેષ મૂંઝવણ અનુભવે છે. શહેરોમાં દારૂ અને નશાખોરીનો રીતસરનો ધીકતો ધંધો ચાલતો હોય છે. એમાં અનેક ગુંડાતત્ત્વો અને રીઢા રાજકારણીઓની સીધી સંડોવણી હોય છે. ગામડામાં માણસને બે આંખની શરમ પણ નડે; ધર્મની આમન્યા પણ જળવાય. શહેરમાં તો દારૂ અને ડ્રગ્સનો એક અંડરગ્રાઉન્ડ ઉદ્યોગ જ ચાલતો હોય. એવા ખૂંખાર માણસો સામે બાથ ભીડીને જાનના જોખમે નશાબંધીના અમલ માટે કામ કરનારને સાચો 'ગાંધીજન' કહેવો પડે. ઔદ્યોગિક વિસ્તારોમાં અને મજૂર વસાહતોમાં દારૂએ ગરીબ પ્રજાનો દાટ વાળી દીધો છે. આવાં વ્યસની (addict) ભાઈબહેનોની વહારે ચડનાર ખરે જ ધન્યવાદને પાત્ર છે. સવિશેષ મજૂર ચાલીઓમાંથી આ બદી નાબૂદ કરવામાં બહેનોની કામગીરી ધાર્યાં નિશાન પાડી શકે છે.

મુખપત્ર : 'કલ્યાણયાત્રા'

ટાઈટલ વાંચીને જ ખ્યાલ આવે કે આ કોઈ વ્યાવસાયિક – નફો રળતું મૅગેઝિન નથી. એમાં માનવીના જીવનને ઊર્ધ્વગામી બનાવવાની વાતો હશે. આ એક નિરંતર ચાલતી વણથંભી અક્ષરયાત્રા છે. નશાને નિર્મૂળ કરવાની દિશામાં ગાંધીચીંધ્યા માર્ગે કાર્યરત નશાબંધી મંડળનું એ મુખપત્ર છે. આ માસિક ગુજરાતની પ્રજામાં એની આગવી અસ્મિતાનો સંદેશ ફેલાવે છે. મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓના અહેવાલ ઉપરાંત એમાં જાણીતા ચિંતકો, વરિષ્ઠ લોકનાયકો અને તજ્જ્ઞોના લેખો અને અભિપ્રાયો પ્રકાશિત થતા રહે છે. એ રીતે ‘કલ્યાણયાત્રા’ માત્ર મનોરંજનનું સાધન ન રહેતાં સંગ્રહણીય સંદર્ભ-સાહિત્યની ગરજ સારે છે. એનો બહોળો વાચકવર્ગ છે, પરંતુ અર્જુનની જેમ એનું લક્ષ્ય તો પેલા ઝાડ ઉપરના પક્ષીની આંખ – અર્થાત્ વ્યસનમુક્તિ જ છે. આમ એક કલ્યાણકારી શુભમંગલ ઉદ્દેશ સાથે શરૂ થયેલી આ અક્ષરયાત્રા મંડળનું સાત્ત્વિક શસ્ત્ર સાબિત થયેલ છે. સવિશેષ અસરગ્રસ્ત વિસ્તારોમાં એ ઘેર ઘેર વંચાય એવી કોશિશ રહે છે. અંતરિયાળ ગામડું કે જ્યાં છાપું પણ ન પહોંચતું હોય ત્યાં નશાબંધી મંડળનું આ મુખપત્ર પહોંચી શક્યું છે અને એણે મહાત્મા તથા મહારાજનો સંદેશો છેક ગરીબના કૂબા સુધી પહોંચાડ્યો છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

## નીરા-યોજના

વનવિસ્તારોમાં કુદરતે ભેટ ધરેલી અણમોલ વનસંપદામાં તાડ ખજૂરાનાં વૃક્ષોમાંથી ‘નીરો’ નામનું ઔષધિય ગુણો ધરાવતું આરોગ્યપ્રદ પીણું તૈયાર થાય છે. તાડીથી નશો ચડે, નીરો નશાકારક નથી. આદિવાસી મહિલાઓને નીરા-યોજના દ્વારા રોજી મળી રહે એવી વ્યવસ્થા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ મારફત કરવામાં આવે છે. બોર્ડના સહકારથી નશાબંધી મંડળ નીરા યોજનાને વધુ વ્યાપક અને વિસ્તૃત ફલક પર મૂકવા પ્રયાસ કરી રહ્યું છે.

## નશાબંધી સપ્તાહની ઉજવણી

ગાંધીજયંતી, તા. ૨ ઑક્ટોબરથી ૧૦ ઑક્ટોબર સુધીના રાષ્ટ્રીય સપ્તાહને નશાબંધી સપ્તાહ તરીકે ઊજવવામાં આવે છે. આ સપ્તાહને એક રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ સાંપડ્યું છે અને તે ગામડે ગામડે ઊજવાતું થયું છે. મંડળ તરફથી સરકારી નશાબંધી ખાતાની આ લોકકલ્યાણ લક્ષી પ્રવૃત્તિને પૂરેપૂરો સહયોગ મળતો રહ્યો છે. શાળાનાં ભૂલકાંથી લઈ એંશી વરસ વટાવી ચૂકેલાં ઘરડેરાં આ લોકપર્વમાં હોંશે હોંશે

ભાગ લે છે. તજ્જ્ઞો, તબીબો, સમાજસેવકોનાં વ્યાખ્યાનો અને કવિઓના કાવ્યપાઠથી વાતાવરણ ધમધમી ઊઠે છે. પ્રભાતફેરીઓ અને પ્રદર્શનો દ્વારા નશાબંધીનો સંદેશો ઘેર ઘેર પહોંચાડવાનો પ્રયાસ થાય છે.

ઉત્સવો, લોકમેળાઓ કથાઓ... પ્રદર્શનો

ધર્માચાર્યો, રામાયણ કે ભાગવતનાં પારાયણ કરતા કથાકારો વગેરેનો જનસમુદાય પર વ્યાપક પ્રભાવ હોય છે. એમની કથા દરમિયાન તેઓ નશાબંધીની વાત પણ કરતા જ રહે છે. એમની વાણીનો લાભ લેવા વિશાળ સંખ્યામાં લોકો ઊમટે છે. નશાબંધી મંડળના કાર્યકરો આવા પ્રસંગે ત્યાં પહોંચી જઈ ધાર્યું નિશાન પાડે છે. ધર્માચાર્યના મુખેથી નીકળેલાં શ્રીવચનોનો પ્રભાવ આપણી ધાર્મિક વૃત્તિવાળી પ્રજામાં બહુ જ ઊંડો હોઈ એનો લાભ મળી રહે છે. વરસોવરસ આવતા લોકમેળાઓ ટાણે ગીતો-ભજનો અને નટમંડળીઓ મારફત તેમ જ નશાબંધી વિશેનાં લોકાભિમુખ પ્રદર્શનો મારફત 'ટાર્ગેટ ઑડિયન્સ' પર ધારી અસર પાડી શકાય છે. ચિત્રો અને તસવીરો ઉપરાંત કઠપૂતળી દ્વારા પણ દારૂડિયાની અવદશાનો ખ્યાલ આપવામાં આવે છે અને એની ઊંડી અસર પડે છે. કેટલાકે તો આવા પ્રસંગોએ તાબડતોબ દારૂ-તમાકુ છોડવાની પ્રતિજ્ઞા લીધી છે. ધર્માચાર્ય કે ગુરુ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા જીવનને નવો વળાંક આપે છે.

પદયાત્રાઓ

લોકશિક્ષણ અને લોકસંપર્કના અસરકારક માધ્યમ તરીકે પદયાત્રાઓ યોજાતી રહે છે. દાંડીકૂચ એ મહાત્મા ગાંધીની ઐતિહાસિક પદયાત્રા હતી તેમ ભૂદાનયાત્રા દ્વારા સંત વિનોબાએ દેશની શિકલ બદલી નાખી હતી. નશાબંધીનો પ્રચાર કરતી પદયાત્રાઓ પણ અસરકારક નીવડી છે. નશાબંધી સપ્તાહ દરમિયાન તેમજ નવેમ્બર માસમાં તાલુકા નશાબંધી ઝુંબેશ પ્રસંગે આવી પદયાત્રાઓ યોજાય છે. સર્વોદયની પદયાત્રામાં તેમ જ અન્ય પ્રસંગોએ પણ આવી યાત્રાઓ યોજી લોકકલ્યાણની જ્યોત જલતી રાખવાની કોશિશ થાય છે. લોકો ગામેગામ ઉમદા આતિથ્યભાવના સાથે પદયાત્રીઓને આવકારે છે અને એમનો સંદેશ ઝીલે છે. ગ્રામવિસ્તારોમાં આવી પદયાત્રાઓની વિશેષ અસર જોવા મળે છે.

લોકગીતો, તમાશા, નાટકો, ભવાઈ મંડળીઓ, ભજન મંડળીઓ

નશો નાશનું મૂળ છે – એ પાયાનો સંદેશ આવાં લોકપ્રિય માધ્યમો દ્વારા ખૂબ જ અસરકારક રીતે વિશાળ જનસમુદાય સુધી પહોંચાડી શકાય છે.

ડાંગ જિલ્લામાં પરંપરાગત 'તમાશા'ના પ્રયોગો અસરકારક નીવડ્યા છે તો ઉત્તર ગુજરાતમાં ભવાઈના લોકનાટ્ય માધ્યમથી નશાબંધીનો પ્રચાર વેગવંતો બનાવી શકાયો છે. ભજનમંડળીઓ મારફત સાંપ્રદાયિક સંદેશા કરતાં લોકકલ્યાણની જીવનલક્ષી પ્રવૃત્તિ થાય તો એને સ્વાભાવિક રીતે જ વિશેષ આવકાર મળે છે. ધર્માચાર્યો પણ આ વાત સમજે તે જરૂરી છે.

માધ્યમો : અખબાર, આકાશવાણી અને દૂરદર્શન

હવે જ્યારે ગુજરાતી પ્રજામાં સાક્ષરતાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે નશાબંધીના પ્રચાર માટે અખબારો – સાપ્તાહિકો અને માસિકો ખૂબ જ ઉપયોગી નીવડી શકે એમ છે. દરેક અખબારમાં પ્રસંગોપાત્ત નશાબંધીનો મુદ્દો ચર્ચાતો જ રહે છે. આકાશવાણી અને દૂરદર્શન મારફત વિવિધ મનોરંજક કાર્યક્રમોમાં પણ નશાબંધીનો સંદેશ વણી લેવાય છે. અખબારો અને અન્ય માધ્યમો નશાબંધી વિશેના પ્રસંગો, સમારંભોને યોગ્ય કવરેજ પણ આપતાં રહે છે. દારૂની પકડાયેલી ખેપો, દારૂથી વેરવીખેર થઈ જતી જિંદગી, તમાકુ અને અન્ય ડ્રગ્સની હાનિકારક અસરો વગેરે વિશે માધ્યમો નિરંતર જાગૃતિ ફેલાવતાં રહે છે. નશાબંધીમંડળ આવાં માધ્યમોનો પણ લાભ લેતું રહે છે અને એમને નશાબંધીના પવિત્ર યજ્ઞકાર્યમાં જોતરવું રહે છે.

સાધુસંતો, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ – મહાનુભાવો તથા સામાજિક પ્રતિષ્ઠાનો

નશો એ તમોગુણનું જ પ્રતીક અને પરિણામ છે. નશો છોડીને માણસ એની સાચી ઓળખ પામે છે. એને મનુષ્યમાંથી હેવાન બનાવનાર નશો એ મહારાક્ષસ છે જેના સકંજામાંથી મુક્ત થવું એ નવી કેડ્યે અવતાર મેળવવા જેવું દોહ્યલું છે. સાધુસંતો આવા ઉમદા કાર્યને પરમ પવિત્ર યજ્ઞકાર્ય ગણે છે. કોઈ પણ ધર્મ દારૂની તરફદારી નથી કરતો. ઇસ્લામ એને હરામ સમજે છે. દારૂને એ દોજખનું દ્વાર માને છે. દારૂ પીનારનું એના ઘર, સમાજ કે ગામમાં માન નથી હોતું. બધાં એનાથી એક સલામત અંતર જાળવી જીવે છે. કોઈ એનો ભરોસો નથી કરતું. આવી સમાજ અને ખુદ પોતાના ઘરથી તરછોડાયેલી વ્યક્તિ પ્રત્યે અનુકંપા દાખવી એને બાથમાં લે છે કેવળ સાધુસંતો અને સમાજસુધારકો. એમની હૂંફ અને પ્રેમ મળતાં પેલા તૂટી ગયેલા છિન્નભિન્ન માનવીને એક નવું અજવાળું સાંપડે છે – જીવતરનું અજવાળું. નશાબંધી મંડળ આવી મૂઠી ઊંચેરી આધ્યાત્મિક પ્રતિભાઓ તથા વરિષ્ઠ લોકસેવકો અને તત્ત્વચિંતકોને આદરપૂર્વક પોતાના સમારંભોમાં નોતરે છે અને સમાજને નવો રાહ ચીંધતી એમની વાણીનો લાભ મળે છે. મુંબઈ રાજ્યમાં સંત તુકડોજી મહારાજે અનેક નશાખોરોનું હૃદયપરિવર્તન કરાવેલું. ગુજરાતમાં

એ કાર્ય રવિશંકર મહારાજથી લઈ મોરારિબાપુ અને સચ્ચિદાનંદજી જેવા સંતો કરતા રહ્યા છે. જુગતરામ દવે, કલ્યાણજી મહેતા, પૂ. કસ્તુરબા, પૂ. ભક્તિબા મીઠુબહેન પીટીટ અને ઠક્કરબાપા જેવી મૂઠી ઊંચેરી પ્રતિભાઓ નશાબંધીને જીવનકાર્ય ગણી ઘણું મોટું પ્રદાન કરતી ગઈ છે. સાધુસમાજ ઉપરાંત દુલાભાયા કાગ જેવા લોકકવિઓએ પણ આ દિશામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાય, પ્રણામી સંપ્રદાય, નિરાંત સંપ્રદાય અને શ્રીમદ રાજચંદ્રની પરંપરામાં થયેલા પૂ. જેસંગબાપા જેવા લોકસંતાએ અજાણતાં જ આ લોકયજ્ઞમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. જૈન અને વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોને પણ શીદ ભુલાય ? એ તો મૂળથી જ નશાનો વિરોધ કરનારા ધુરંધરો.

જેમ લોકશક્તિ અને ધર્મશક્તિ આ સામાજિક દૂષણને નાબૂદ કરવા કટિબદ્ધ થઈ છે તેમ શાસનની દંડશક્તિ અને રચનાત્મક સંસ્થાઓની સર્ગશક્તિ – સર્જનાત્મક તાકાત પણ આ બદીને જડમૂળથી ઉખેડી મનુષ્યને એક સંતોષપ્રદ સાર્થક અને સ્વસ્થ જીવનની દિશામાં એક કદમ આગળ મૂકવામાં મદદરૂપ થઈ શકે. સરકારી તંત્રમાં નશાબંધી કેવળ કાગળ પર ન રહી જાય, એવી ચોંપ રાખવાની જરૂર છે. રાજ્યની ફરજ છે કે એના નાગરિકોને સ્વમાનપૂર્વક અનિષ્ટો અને અરિષ્ટોથી મુક્ત જિંદગી જીવવા માટેની તમામ તકો પૂરી પાડે. પરસ્પરના સહયોગથી ગરીબના ઝૂંપડા સુધી ઘૂસણખોરી કરનારા દારૂના દૈત્યને પરાજિત કરવાનું મુશ્કેલ નથી.

### મંડળનાં પ્રેરક બળો અને આધારસ્તંભો

૧૯૬૦ના મે મહિનાથી કાર્યરત ગુજરાત નશાબંધી મંડળે પોતાની મર્યાદિત સાધનસામગ્રી દ્વારા નિરંતર કાર્યરત રહી એક આગવી કાર્યપદ્ધતિ વિકસાવી છે. સમન્વયકારક અભિગમ અપનાવી સહુને સાથે લઈને ચાલવાથી કામ સરળ બન્યું છે. પ્રતિકૂળ સંજોગોમાં પણ મંડળના કાર્યકરોએ એમને સમાજ તરફથી બલકે ઈશ્વરી પ્રેરણાથી સોંપાયેલું સેવાકાર્ય આગળ ને આગળ ધપાવ્યું છે. આમાં મંડળના મુરબ્બીઓ અને મોવડીઓનું પ્રચંડ આત્મબળ, શ્રદ્ધા અને નાના કાર્યકર તરફની મમતા ભળતાં નશાબંધીના રાષ્ટ્રીય કાર્યક્રમને વેગ મળતો રહ્યો છે. રાજ્ય સરકારો બદલાતી રહી છતાં ગુજરાતમાં મૂળ નશાબંધી નીતિ અકબંધ રહેવા પામી છે. આબકારી આવક જતી કરીને લોકસુખાકારીનો કલ્યાણકારી વિકલ્પ સ્વીકારનારી ચૂંટાયેલી સરકારો માટે નશાબંધી એક અણમોલ જણસ – આગવી ઓળખ સાબિત થઈ શકે છે, તે ગુજરાત રાજ્યનો અડધી સદીનો સુખદ અનુભવ છે. નશાબંધીથી વિકાસકૂચ અટકી નથી, બલકે કૂદકે ને ભૂસકે ગુજરાત હરણફાળ ભરીને સમગ્ર દેશનું 'નંબર-વન' સ્ટેટ બની રહ્યું છે. નશાબંધી

હળવી કરવાની આંતરરાષ્ટ્રીય માગણીઓને ફગાવી દઈને રાજ્ય સરકારો ગાંધીચીંધ્યા માર્ગે પ્રગતિનાં અવનવાં સોપાન સર કરતી રહી છે. આમાં યત્કિંચિત્ ફાળો નશાબંધી મંડળનો પણ છે. એણે અહર્નિશ જાગ્રત રહી નશાબંધીની તરફેણમાં ભારે લોકમત કેળવ્યો છે. જ્યારે અન્ય રાજ્યોએ એમની સ્થાપનાના પ્રારંભિક તબક્કે અપનાવેલી નશાબંધી નીતિમાં છૂટછાટો આપી અથવા એનો સદંતર ત્યાગ કર્યો ત્યારે ગુજરાત રાજ્ય ગાંધી-સરદારની ભૂમિ તરીકે રણમાં વીરડીની જેમ બધાંથી નોખું પડીને બધાં કરતાં આગળ પહોંચી ગયું છે. મહારાષ્ટ્રમાં હવે કેવળ 'ગાંધી જિલ્લા' તરીકે ઓળખાતા નાનકડા વર્ધા જિલ્લા પૂરતી જ દારૂબંધી અમલમાં રહેવા પામી છે, તે જ શું ગુજરાતની સર્વોચ્ચ નીતિમત્તાનું આડકતરું પ્રમાણ નથી ?

છતાં, આપણે હજી ઘણી લાંબી મંજિલ સર કરવાની છે તે ન જ ભૂલીએ. ગાંધીનિધિથી આરંભાયેલું નશાબંધી મંડળનું રચનાત્મક સેવાકાર્ય દેશનાં અન્ય રાજ્યો માટે પણ દીવાદાંડીરૂપ બની રહ્યું છે, અને એથી આપણી જવાબદારી અનેકગણી વધી જાય છે. પ્રજા અને સરકારના સહયોગથી લોકકલ્યાણની આવી પાયાની પ્રવૃત્તિ ચાલતી રહે તે કદાચ સુવર્ણવયે પહોંચેલી ગુણવંતી ગુજરાતની એના પનોતા પુત્ર અને વિશ્વનાયક મહાત્મા ગાંધીને સૌથી શ્રેષ્ઠ અંજલી ગણાશે.

## નવજીવન વ્યસનમુક્તિ અને પુનઃવસન કેન્દ્ર

નશાબંધી મંડળ ગુજરાત દ્વારા પાલનપુર જિ. બનાસકાંઠા ખાતે નવજીવન વ્યસન મુક્તિ સલાહ કેન્દ્ર તા. ૧૭-૬-૯૫ના રોજ શરૂ કરવામાં આવ્યુ. આ સલાહ કેન્દ્ર, કેન્દ્ર સરકારની સ્કીમ દારૂ અને અન્ય ડ્રગ્સના વ્યસને ઊગતું રોકવા માટે અને તેમાં પડેલ વ્યક્તિઓને આ વ્યસનોમાંથી મુક્ત કરવા માટે સ્કીમ દાખલ કરવામાં આવી હતી. પાલનપુર ખાતે ચાલતા નવજીવન વ્યસન મુક્તિ સલાહ કેન્દ્રની કામગીરી ખૂબ જ સરસ અને સુંદર રીતે ચાલી હતી, આ કાર્યક્રમને વધુ વેગવંતું બનાવવા માટે નશાબંધી મંડળ દ્વારા કેન્દ્ર સરકારના સહયોગથી ઓક્ટોબર-૨૦૦૭થી નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃવસન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. જેમાં ૧૫ પથારી ધરાવતી હૉસ્પિટલના રૂપમાં શરૂઆત થઈ.

અત્યારે વ્યસનોની ચુંગાલમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ઉપકારક એવાં સંમેલનો સમારંભ, મેળાવડા, સભા, જૂથસભા, ગ્રામસભા, પરિસંવાદ, શિબિર સ્પર્ધાઓ દ્વારા નશાબંધી અંગે લોકમત કેળવવો અને જાગૃતિ કેળવવાનું કાર્ય કરવામાં આવે છે.

વ્યસનમુક્ત થવા આવનાર લાભાર્થીઓને ૩૦ દિવસ સુધી શારીરિક અને માનસિક સારવાર આપવામાં આવે છે. આ સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં ઘણા લાભાર્થીઓએ આ સેવાનો લાભ લઈ વ્યસન-મુક્ત બન્યા છે. અને સમાજમાં તેઓનું પુનઃ સ્થાપન થયું છે. અને પોતાની બાકીની જિંદગી ખૂબ જ સારી રીતે જીવી રહ્યા છે.

વ્યસનમુક્ત થયેલા લાભાર્થીના કુટુમ્બોના અભિપ્રાયો :

(૧) વાઘેલા બળદેવસિંહ ઢેલાજી રહે. પાલનપુર : વાઘેલા બળદેવસિંહ ઢેલાજીની પત્નીના જણાવ્યા અનુસાર તેમના પતિ ગુજરાત સરકારમાં ધારાસભ્ય તરીકે પાંચ વર્ષ રહેલા છે. અને છ માસ સુધી સંસદીય સચિવ (ઊર્જાવિભાગ)માં પદભાર સંભાળેલ છે. ત્યાર બાદ તેઓ દારૂના નશામાં ચઢવાથી અને દિન પ્રતિદિન વ્યસનનું પ્રમાણ વધવાથી, સામાજિક આર્થિક અને શારીરિક રીતે ખૂબ જ નુકસાનો ભોગવેલ છે. નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃવસન કેન્દ્ર પાલનપુર ખાતે સારવાર લીધા બાદ અત્યારે વ્યસનમુક્ત છે. અને તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે. અત્યારે વ્યસનમુક્ત થવાથી અમારી સામાજિક પ્રતિષ્ઠામાં પણ વધારો થયો છે. લોકો અને સગાઓ સાથેના તૂટેલા સંબંધોમાં પણ ફરીથી ચાલુ થઈ વધારો થયો છે. લાભાર્થીને શારીરિક તંદુરસ્તીમાં પણ વધારો થયો છે. અને સારી છે.

(૨) જુણકીયા અબ્દુલક્યુમ ઇસ્માઇલભાઈ રહે. બાદરપુરા, વ્યસન : બ્રાઉનસુગર. જુણકીયા અબ્દુલક્યુમ ઇસ્માઇલભાઈના પુત્રના જણાવ્યા અનુસાર તેમના પિતાશ્રી મુંબઈમાં ટેક્ષી ચલાવતા હતા અને હોટલનો ધંધો હતો. મિત્રોની સોબત લાગવાથી બ્રાઉન સુગરના નશાના રવાડે ચડી ગયા હતા. વ્યસનનું પ્રમાણ વધવાથી ટેક્ષી ચલાવવાનું અને હોટલના ધંધામાં પૂરતું ધ્યાન આપી શકતા ન હતા. અને ધંધાકીય નુકસાનો વધુ થવા લાગ્યાં અમને આ નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃ વસન કેન્દ્ર પાલનપુરની મુલાકાત લીધી અને અમારા પિતાને ત્યાં દોઢ મહિના સુધી દાખલ રાખવામાં આવ્યા હતા. અત્યારે સંપૂર્ણ વ્યસન મુક્ત છે. અને અમારા ગામની અંદર તેઓ અત્યારે મસ્જિદનું સંપૂર્ણ કામ સંભાળે છે. અને આજદિન સુધી આ વ્યસનના લીધે હજ કરી શકતા ન હતા તે વ્યસન મુક્ત થવાથી હજ પણ કરી આવ્યા, આ નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃ વસન કેન્દ્ર પાલનપુર દ્વારા અમારા ઘરની સુખ, શાંતિ અને સમૃદ્ધિ અમને પાછી મળી છે.

(૩) સોલંકી ગોવિંદભાઈ ધર્માભાઈ રહે. મલોસણા તા. વડગામ જી. બ. કા. વ્યસન : દારૂ : સોલંકી ગોવિંદભાઈ ધર્માભાઈ પોતે પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે નોકરી કરતા હતા, તેમને મિત્રો દ્વારા દારૂના નશાની લત લાગી હતી અને દિન-પ્રતિદિન આ દારૂનો નશો ખૂબ જ વધી ગયો હતો. આખો દિવસ નશામાં રહેવાથી શાળાની કામગીરી પણ સારી રીતે નિભાવી શકતા ન હતા, સ્કૂલના બધા રજિસ્ટરો કામગીરી વગરના હતા તેથી વહીવટી તેમની બદલી કરવામાં આવી હતી, નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃવસન કેન્દ્ર પાલનપુરમાં એક મહિનાની સારવાર લઈ વ્યસન મુક્ત થયા હતા અને નિયમિત ફોલોઅપમાં આવે છે. અત્યારે ખૂબ જ સારી રીતે પોતાનું જીવન જીવે છે. સામાજિક, આર્થિક અને શારીરિક ફાયદાઓ ખૂબ જ થયા છે. નોકરી પણ સમયસર ખંતથી કરે છે.

(૪) મોરી બાબુભાઈ ફોજાભાઈ તેમનાં પત્ની મોરી કમળાબહેન બાબુભાઈ રહે. ડેરીવાસ તા. દાંતા જી. બ. કા. : આ બંને પતિ-પત્નીને દારૂનું વ્યસન હતું. છેલ્લાં પાંચ વર્ષથી આ દારૂના નશામાં વધુને વધુ ફસાતા હતા અને તેમની મજૂરીનો ધંધો પણ આ નશાને લીધે પડી ભાંગ્યો હતો, બાળકોનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું હતું, તેઓને વ્યસન મુક્ત કરવા માટે નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃવસન કેન્દ્ર પાલનપુરમાં લાવવામાં આવ્યા અને સંપૂર્ણ વ્યસન મુક્ત થઈ એક ખેતરમાં કામ આપી પુનઃવસન પણ કરવામાં આવ્યું. અત્યારે તેઓ બંને સંપૂર્ણ વ્યસનમુક્ત છે અને ખૂબ જ સારી રીતે પોતાનું જીવન ગુજારે છે. તેઓના જણાવ્યા અનુસાર જે પૈસા વ્યસન પાછળ ખર્ચ થતો હતો તે અત્યારે બાળકોને ભણાવવામાં વાપરે છે. અને પોતાનાં બાળકો પણ આ વ્યસનથી દૂર રહે તે માટેના પ્રયત્નો કરે છે.

આમ નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃવસન કેન્દ્ર પાલનપુર થવાથી બનાસકાંઠામાં વ્યસનનું પ્રમાણ વધારે હતું. તેથી લોકોને વ્યસનમુક્ત થવા માટે એક આશીર્વાદ અને આદર્શ નમૂના રૂપ બન્યું છે. લોકોએ આ સેન્ટરનો ખૂબ જ લાભ લઈ વ્યસન મુક્ત બની નવજીવન જીવી રહ્યા છે અને તેઓના જીવનમાં નવી ચેતના જગાવી છે. બનાસકાંઠા જિલ્લો એક સરહદી જિલ્લો છે. તેને રાજસ્થાન અને પાકિસ્તાનની બંને સરહદો મળે છે. સરહદી જિલ્લો અને રણ વિસ્તાર હોવાને લીધે દારૂ, અફીણ, ડોડાનું પાણી ઘેનની ગોળીઓ જેવું વ્યસનોનું પ્રમાણ વધારે છે. આવાં વ્યસનોમાં ફસાયેલા લોકોને વ્યસનોમાંથી મુક્ત કરવા માટે નશાબંધી મંડળ ગુજરાત અમદાવાદ દ્વારા ચલાવવામાં

આવતું. નવજીવન વ્યસન મુક્તિ અને પુનઃ વસન કેન્દ્ર પાલનપુર ખરેખર લોકોને નવજીવન આપે છે અને વ્યસનોથી મુક્ત કરે છે.

બનાસકાંઠા જિલ્લામાં વસ્તી ખેતી આધારિત છે અને વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. આ ઓછા વરસાદના લીધે દુષ્કાળની પરિસ્થિતિ વારંવાર ઉદ્ભવે છે. દુષ્કાળની પરિસ્થિતિ અને લોકોમાં રહેલાં વ્યસનોનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ બને છે. તેવામાં આ સેન્ટર લોકોને વ્યસનમુક્ત થવા માટે ખૂબ જ ઉપયોગી અને આશીર્વાદ રૂપ બની લોકોને નવું જીવન બક્ષે છે.

ગઢવી કૈલાશદાન આર.

વર્ષ ૨૦૦૬થી ૨૦૧૧ સુધીના ઓ.પી.ડી અને ઇન્ડોર દર્દીઓની માહિતી

| વર્ષ | દારૂ | અફીણ | ડોડાનું પાણી | બ્રાઉન સુગર | ઘેનની ગોળીઓ | માદક ઇન્જેક્શનો | ગાંજો | તમાકુ ગુટકા | ચરસ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૭૩ | ૦૮ | ૨૦ | ૦૧ | – | – | – | ૩૧૧ | – | ૬૧૩ |
| ૨૦૦૭-૦૮ | ૩૧૦ | ૧૦ | ૧૦ | ૦૨ | – | – | – | ૨૪૪ | – | ૫૭૬ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૧ | ૧૭ | – | ૦૨ | ૦૧ | – | – | ૧૧૦ | ૦૧ | ૨૬૩ |
| ૨૦૦૯-૧૦ | ૧૩૯ | – | ૧૨ | – | ૦૩ | ૦૧ | ૦૧ | ૯૪ | – | ૨૫૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૫૯ | ૦૪ | ૦૯ | ૦૨ | ૦૧ | – | – | ૪૨ | – | ૨૧૭ |
| કુલ | ૧૦૧૨ | ૩૯ | ૫૧ | ૦૭ | ૦૫ | ૦૧ | | ૮૦૧ | ૦૧ | ૧૯૧૯ |

## ગુજરાતની શાન..... નશાબંધી....

હરવદન પરમાર

કાર્યાલય મંત્રી નશાબંધી મંડળ, ગુજરાત

મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાત રાજ્ય અલગ થતાં ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તેની સાથે નશાબંધી મંડળ, ગુજરાત પણ મહારાષ્ટ્રમાંથી છૂટા પડી તા. ૧૭-૫-૧૯૬૦થી નં. ૬૪ / ગુજરાત સોસાયટી એક્ટ મુજબ નોંધણી થવા પામ્યું. એમ નશાબંધી મંડળ, ગુજરાતની સ્થાપના થઈ.

આજે જેને ૫૦ વર્ષ પૂરાં થયાં જે આજે વિશાળ કદ થઈ સમગ્ર ગુજરાત રાજ્યમાં નશાબંધીના પ્રચાર અને પ્રસારની કામગીરી કરી રહ્યું છે.

સંસ્થાના સ્થાપક સભ્યો પૈકી સ્વ. શ્રી જુગતરામ દવે પરીક્ષિતલાલ મજમુદાર, મનુભાઈ બક્ષી, મનુભાઈ પટેલ, જયમલ્લભાઈ પરમાર, જયંતીલાલ ડી. મહેતા, પ્રભુદાસ પટવારી, ઇન્દુમતીબહેન ચીમનલાલ શેઠ, મૂળદાસ વૈશ્ય જેવા પીઠ ગાંધી વાદી અને રચનાત્મક કાર્યકરોની મહેનતથી આ મંડળ સમગ્ર ગુજરાતમાં નશાબંધી પ્રચાર અને પ્રસારની કામગીરીમાં આગેકૂચ કરી.

ત્યારબાદ શ્રી મનુભાઈ પટેલ, જુગતરામ દવે, અને ઇન્દુમતીબહેન શેઠના સન્નિષ્ઠ પ્રયાસોથી રાજ્ય સરકારના મજૂર અને સમાજકલ્યાણ વિભાગ દ્વારા આ મંડળને સમગ્ર ગુજરાતમાં નશાબંધી પ્રચાર અને પ્રસારની કામગીરી સોંપવામાં આવી.

મંડળની કામગીરી જોતાં રાજ્ય સરકાર તરફથી આ ગ્રાન્ટમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો અને શહેર / જિલ્લા નિયોજકો જેવી સ્કીમ દ્વારા સતત વિકાસ થવા પામ્યો. ત્યારબાદ નશાબંધી ને સમાજકલ્યાણ અને હાલમાં સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

નશાબંધી મંડળ ગુજરાતને સ્વ. શ્રી પ્રભુદાસ પટવારી સ્વ. શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ શેઠ, મનુભાઈ પટેલ, જયાબહેન શાહ, ચીનુભાઈ શાહ, સ્વ. શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ, સ્વ. શ્રી બિહારીલાલ પો. શાહ, સ્વ. શ્રી નટવરલાલ પરમાર, સ્વ. શ્રી મનુવર્યજી મહારાજ, જેવા સંનિષ્ઠ રચનાત્મક અને ગાંધીવાદી કાર્યકરોનું સતત માર્ગદર્શન પ્રાપ્ત થયું અને આજે તે વટવૃક્ષ થઈ સમાજમાં અને સમગ્ર ગુજરાત રાજ્યમાં સામાજિક રચનાત્મક સંસ્થા તરીકે વ્યસનમાં પીડાતા લોકોને વ્યસનમુક્ત બનાવવાનું ભગીરથ કાર્ય કરી રહેલ છે. શહેર / જિલ્લા નિયોજકો દ્વારા સમગ્ર રાજ્યમાં નશાબંધી પ્રદર્શન, ભજનો, વક્તૃત્વ સ્પર્ધાઓ પ્રચારરેલીઓ, મહિલા સંમેલનો, યુવા સંમેલનો દ્વારા નશાબંધીના પ્રચાર અને પ્રસારનું કામ સમગ્ર રાજ્યમાં ચાલી રહ્યું છે.

શહેર / જિલ્લા નિયોજકો દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નીચે પ્રમાણેની કામગીરી કરવામાં આવી છે.

| અનુ. | વિગત | વર્ષ-૨૦૦૯ | વર્ષ-૨૦૧૦ | વર્ષ-૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૧. | પ્રચાર સભાઓ | ૨૬૩૦ | ૨૮૧૫ | ૨૫૨૫ |
| ૨. | પ્રતિજ્ઞાઓ | ૫૬૫૦ | ૬૮૪૩ | ૭૫૦૦ |
| ૩. | વક્તૃત્વસ્પર્ધાઓ | ૬૮૫ | ૫૨૩ | ૬૫૦ |
| ૪. | પ્રદર્શનો | ૨૪૨૦ | ૨૫૩૪ | ૨૧૯૭ |
| ૫. | સંમેલનો | ૧૪૭૦ | ૧૫૪૦ | ૧૪૬૫ |

આમ નશાબંધી મંડળ, ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યમાં લોકજાગૃતિનું કામ થઈ રહ્યું છે રાજ્યમાં શાંતિ એ એનું જાગતું ઉદાહરણ કહી શકાય.

એ જ આપણું ગુજરાત

નશામુક્ત ગુજરાત
જય જય જય ગરવી ગુજરાત

## વ્યસનમુક્તિના દ્વારેથી

હરવદન પરમાર
ઈ. ચા. ડાયરેક્ટર
વ્યસનમુક્તિ વિભાગ, નશાબંધી મંડળ, ગુજરાત

નશાબંધી મંડળ, ગુજરાત એ મહારાષ્ટ્ર રાજ્યમાંથી ૧ મે ૧૯૬૦ના રોજ વિભાજિત થયું ત્યાર બાદ સ્વ. શ્રી જુગતરામ દવેના અધ્યક્ષ સ્થાને નશાબંધી મંડળ, ગુજરાતની સ્થાપના થઈ.

શ્રી મનુભાઈ પટેલ અને શ્રી જયમલ્લભાઈ પરમાર મંત્રીઓ બન્યા ત્યાર બાદ નશાબંધીની પ્રવૃત્તિને સ્વ. શ્રી પ્રભુદાસ પટવારી, પરીક્ષિતલાલ મજમુદાર, મનુભાઈ બક્ષી અને બિહારીભાઈ શાહ, સ્વ. શ્રી ઇન્દુમતીબહેન શેઠ શ્રી જયાબહેન શાહ, શ્રી લલ્લુભાઈ મકનજી પટેલ, શ્રી ચીનુભાઈ શાહ, જયંતિલાલ ડી. મહેતા, સ્વ. શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈ અને સ્વ. શ્રી નટવરલાલ પરમાર (પૂર્વસાંસદ)નું સફળ અને દીર્ઘદૃષ્ટિ જેવું નેતૃત્વ પ્રાપ્ત થયું. સને ૧૯૮૯માં નશાબંધી સાથે વ્યસનોથી પીડાતા લોકોની પરિસ્થિતિ જાણી નશાબંધી મંડળ, ગુજરાત તરફથી શરૂમાં અમદાવાદ અને વીરનગર – રાજકોટ મુકામે પાયલોટ, પ્રોજેક્ટ તરીકે સ્વીકારેલ અને તેમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય ન્યુ દિલ્હીનો  આર્થિક સહયોગ પ્રાપ્ત થયો. જેમાં શ્રી જયાબહેન શાહ પ્રમુખશ્રી તથા તત્કાલીન મંત્રીશ્રી ચીનુભાઈ શાહ અને સહમંત્રી સ્વ. નટવરલાલ પરમારના પ્રયાસથી આ સ્કીમ નશાબંધી મંડળ, ગુજરાતને મળી હતી અને તેની ગ્રાન્ટ પણ તે વર્ષથી શરૂ થઈ.

આજે નશાબંધી મંડળ ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યમાં જુદા જુદા વ્યસનોમાં પીડાતા લોકો માટે ૧. અમદાવાદ ૨. પાલનપુર, જિ. બનાસકાંઠા, ૩. નડિયાદ જિ. ખેડા, ૪. ભરૂચ ૫. સુરત ૬. વીરનગર જિ. રાજકોટ આમ છ જેટલી વ્યસનમુક્તિ હૉસ્પિટલો ચલાવવામાં આવે છે જેમાં દર્દી નિવાસ તથા ફ્રી ભોજનની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં

આવે છે અને આ છ એ હૉસ્પિટલની કામગીરી ગુજરાતની નશાબંધી અને વ્યસનમુક્તિની દીવાદાંડી રૂપ કહી શકાય, તેમ કહીએ તો ખોટું નથી.

નશાબંધી મંડળ ગુજરાતને વીરનગર અમદાવાદને ૧૯૮૯માં મંજૂરી મળી જ્યારે સુરતને ૧૯૯૧ તથા પાલનપુર બનાસકાંઠા ને ૨૦૦૯માં કેન્દ્ર સરકાર તરફથી મંજુરી મળી આ કામગીરીને ધ્યાને લેતા કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ચાલુ વર્ષે ૨૦૧૧-૨૦૧૨માં નડિયાદ, ભરૂચ હૉસ્પિટલના મંજૂર કરી છે. જેથી આ કામગીરી દ્વારા સમગ્ર રાજ્ય અને દેશમાં નશાબંધી / વ્યસનમુક્તિનુ કામ કરતી સામાજિક સંસ્થાના ફેડરેશન FANGO DAPમાં મંડળના પ્રમુખશ્રી નટવરલાલ પરમારની આ ઝોનના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

આમ આ સંસ્થા એ સમગ્ર દેશમાં નામના મેળવી છે. આજે પણ સમગ્ર દેશમાં નશાબંધી મંડળ, છ જેટલી સૌથી વધારે હૉસ્પિટલ સાથે કાર્યરત છે જે તમામ હૉસ્પિટલોને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ પાત્ર બનાવી શક્યા છીએ.

તાજેતરમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ન્યુ દિલ્હી દ્વારા આ સ્કીમમાં સુધારા માટે જે કમીટી નેશનલ કન્સલટેટીવ કમિટી ઓન ડી-એડિકશન એન્ડ રીહેબીલાઇટેશન (NCCDR) બનાવવામાં આવી તેના એક સભ્ય તરીકે મંડળના મંત્રી ડૉ. કરસનદાસ સોનેરીની વરણી કરવામાં આવેલ છે જે આ સંસ્થા માટે ગૌરવની અને આનંદની વાત છે.

સમગ્ર રાજ્યમાં જે હૉસ્પિટલ ચાલે છે તેમાં છેલ્લા ત્રણ વર્ષમાં જે ભાઈઓ / બહેનો વ્યસન મુક્ત થયાં તેની વિગત નીચે પ્રમાણે છે.

| અનુ | વ્યસનમુક્તિ હૉસ્પિટલનું નામ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | | | |
| ૨. | સુરત | | | |
| ૩. | વીરનગર | | | |
| ૪. | પાલનપુર | ૨૬૩ | ૨૫૦ | ૨૧૭ |
| ૫. | નડિયાદ | | | |
| ૬. | ભરૂચ | | | |

આપણું ગુજરાત, આગવું ગુજરાત વ્યસનમુક્તિ ગુજરાત.